dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 242 | AD - 2026, Jeth Vad -07 | Monday, Dt. 08-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## સરકારની માલિકીની કંપનીઓ નફો કરતી હોવા છતા ભાવ વધારો થતા ગૃહિણીઓ ત્રાહીમામ

# એલપીજીના ભાવમાં ત્રણ મહિનામાં રૂ.૮૯નો વધારો

નવી દિલ્હી,તા.૦૭

દેશમાં ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં ફરી એકવાર વધારો ઝીંકાયો છે. ૧૪.૨ કિલોગ્રામના ઘરેલું એલપીજી સિલિન્ડરના ભાવમાં રૂ.૨૯નો વધારો થતાં દિલ્હીમાં તેની કિંમત રૂ.૯૧૩થી વધીને રૂ.૯૪૨ થઈ ગઈ છે. આ નવા દરો ૭ જૂનથી અમલમાં આવ્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં ઘરેલું ગેસના ભાવમાં આ બીજો મોટો વધારો છે. આ પૂર્વે ૭ માર્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતો વધવાને કારણે સિલિન્ડર દીઠ રૂ.૬૦નો વધારો કરવામાં આવ્યો હતો. આમ, માત્ર ત્રણ મહિનામાં જ ગ્રાહકો માટે સિલિન્ડર કુલ રૂ.૮૯ મોંઘું બન્યું છે. ગેસની સાથે સીએનજી, પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ સતત વધી રહ્યા છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ, ખાસ કરીને ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના તણાવને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠો ખોરવાયો છે. હોર્મુઝ સ્ટ્રેટ (હોર્મુઝની સામુદ્રધુની) દ્વારા થતા શિપિંગ પર પ્રતિબંધો આવતા ભારત સહિતના પડોશી દેશોને ભારે અસર થઈ છે. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસની આયાત ગલ્ફ દેશોમાંથી કરે છે. સાઉદી કરાર મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬માં એલપીજીનો આંતરરાષ્ટ્રીય ભાવ પ્રતિ ટન ૫૪૩ ડૉલર હતો, જે જૂન સુધીમાં ૪૬ ટકા વધીને ૭૯૦ ડૉલર પ્રતિ ટન થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં વધેલા ભાવોને કારણે



સરકારી તેલ કંપનીઓને પ્રતિ સિલિન્ડર આશરે રૂ.૭૦૩નું નુકસાન થઈ રહ્યું હતું, જે આ ભાવ વધારાનું મુખ્ય કારણ છે. જો કે, હાલમાં ચાલી રહેલી કરાર વાટાઘાટો સફળ રહેશે તો આગામી સમયમાં ભાવ ઘટી શકે છે.

પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, જો સ્થાનિક સિલિન્ડર સંપૂર્ણ બજાર ભાવે વેચવામાં આવે તો તેની કિંમત રૂ.૧,૬૦૦થી વધુ હોવી જોઈએ. પરંતુ સરકાર આખો બોજ જનતા પર નથી નાખી રહી. 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'ના લાભાર્થીઓને સબસિડી બાદ આ સિલિન્ડર રૂ.૬૪૨માં મળી રહ્યું છે, જ્યારે સામાન્ય ગ્રાહકો તેને રૂ.૯૪૨માં ખરીદી રહ્યા છે.

વિશ્વના અન્ય દેશો સાથે સરખામણી કરીએ તો વિવિધ દેશોમાં સિલિન્ડરના ભાવ આ મુજબ છે, ભારત (ઉજ્જવલા), રૂ.૬૪૨,ભારત (સામાન્ય), રૂ.૯૪૨,પાકિસ્તાનઃ રૂ.૧,૦૪૬,નેપાળ, રૂ.૧,૨૦૭, બાંગ્લાદેશ, રૂ.૧,૨૨૫, શ્રીલંકા, રૂ.૧,૨૪૧,યુએસએ, રૂ.૧,૭૫૫, ઓસ્ટ્રેલિયા, રૂ.૧,૭૬૫, કેનેડા, રૂ.૨,૪૧૧ સરકારે પુરવઠો જાળવી રાખવા માટે સ્થાનિક ઉત્પાદનમાં ૬૦ ટકાથી વધુનો વધારો કર્યો છે અને અમેરિકા તથા કેનેડા જેવા દેશોમાંથી પણ આયાત વધારી છે. તેલ કંપનીઓના નફા પર સવાલ બીજી તરફ, કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યની માલિકીની ત્રણ તેલ કંપનીઓએ કુલ રૂ.૭૭,૨૮૦ કરોડનો રેકોર્ડ બ્રેક નફો કર્યો છે, જે ગયા વર્ષ કરતાં ૧૩૦ ટકા વધુ છે. વિપક્ષે સવાલ ઉઠાવ્યો છે કે જો કંપનીઓ આટલો મોટો નફો કમાતી હોય, તો સામાન્ય જનતા પર મોંઘવારીનો બોજ કેમ લાદવામાં આવી રહ્યો છે?

# તેલંગાણાનાં મુખ્યમંત્રીનું 'હિટલર પ્રેરિત' નિવેદનથી રાજયમાં રાજકીય હોબાળો

તેલંગાણા,તા.૦૭

તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ હૈદરાબાદની દબાણ વિરોધી એજન્સી 'હાઈડ્રા'(HYDRAA) ના નામ અને વિચાર પાછળ જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરથી પ્રેરિત હોવાનો દાવો કરતા મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. બેંગલુરુમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે, 'હાઈડ્રા હિટલરનો મનપસંદ શબ્દ હતો અને તેની કોર ટીમનું નામ હતું, તેથી મેં તેના પરથી આ નામ



રાખ્યું.જો કે, ઈતિહાસકારોએ આ દાવાને નકારી કાઢતા જણાવ્યું છે કે આવો કોઈ ઐતિહાસિક પુરાવો નથી; ઉલટાનું આ નામ બીજા વિશ્વયુધ્ધમાં નાઝીઓ વિરુધ્ધ બ્રિટિશ એરફોર્સના એક મિશન સાથે જોડાયેલું હતું.

આ ટિપ્પણી બદલ ભાજપ અને બીઆરએસ (BRS) એ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ તેને કોંગ્રેસની 'ઈમરજન્સી અને સરમુખત્યારશાહી વાળી માનસિકતા' ગણાવી છે. વધુમાં, રેવંત રેડ્ડીએ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને ઉત્તર ભારતના ગણાવી દક્ષિણ ભારતના લોકોને બીજા દરજ્જાના નાગરિક ન બનવાની અપીલ કરી હતી. વિપક્ષે આ નિવેદનને તથ્યાત્મક રીતે ખોટું અને વિભાજનકારી ગણાવ્યું છે, કારણ કે વડાપ્રધાન મોદી પશ્ચિમ ભારતના (ગુજરાત) અને રાષ્ટ્રપતિ મુર્મૂ પૂર્વ ભારતના (ઓડિશા) છે.


# તીસ્તા નદીમાં કાર ખાબકતાં સિક્કિમના એક જ પરિવારના ચાર સભ્યોના મોત

નવી દિલ્હી,તા.૦૭

સિક્કિમ અને પશ્ચિમ બંગાળને જોડતા નેશનલ હાઈવે-૧૦ પર એક દર્દનાક અકસ્માત સર્જાયો છે. ૫ જૂનના રોજ પૂર્વ સિક્કિમના કબી લુંગચોકથી સિલિગુડી હોસ્પિટલમાં સંબંધીઓને મળવા જઈ રહેલો એક પરિવાર અચાનક ગુમ થયો હતો. તપાસ દરમિયાન દાર્જિલિંગના બાગપુલ નજીક ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારમાંથી કારના અવશેષો મળ્યા બાદ શોધખોળ તીસ્તા નદીમાં લંબાવવામાં આવી હતી. ભારે વરસાદ અને નદીના તેજ પ્રવાહ વચ્ચે શનિવારે સાંજે ડૂબેલી ટાટા નેક્સોન કાર મળી આવી હતી, જેમાંથી રવિવારે સવારે સાત વર્ષની બાળકી સહિત પરિવારના ચારેય સભ્યોના મૃતદેહ બહાર કઢાયા હતા.

મૃતકોની ઓળખ સ્મારિકા ન્યુપને (૨૮), સૈબ્યા ન્યુપને (૨૭), જીકા દહલ (૨૭) અને બાળકી દિત્ય છેત્રી તરીકે થઈ છે. આ અકસ્માત માટે ભારે વરસાદ, ભૂસ્ખલન અને એનએચ-૧૦ની જર્જરિત સ્થિતિને મુખ્ય કારણ માનવામાં આવે છે. મૃતક ત્રણેય યુવતીઓ સિક્કિમ સરકારમાં ફરજ બજાવતી હતી, જેમાં સ્મારિકા નર્સિંગ લેક્ચરર, સૈબ્યા સંસ્કૃતિ વિભાગમાં જુનિયર એન્જિનિયર અને જીકા બાગાયત વિભાગમાં કાર્યરત હતી. આ કરુણ ઘટનાથી સમગ્ર સિક્કિમમાં અરેરાટી વ્યાપી ગઈ છે.









### પુસ્તકો-બેગ ખરીદી માટે દબાણ નહીં કરવા શિક્ષણ વિભાગની સ્પષ્ટતા

# રાજુલાની ખાનગી શાળાઓને શિક્ષણ વિભાગની નોટિસ



રાજુલા,તા.૦૭

અમરેલી જિલ્લાના રાજુલા શહેર અને આસપાસની ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને ચોક્કસ સ્થળેથી પુસ્તકો, નોટબુક, સ્કૂલબેગ તથા અન્ય શૈક્ષણિક સામગ્રી ખરીદવા માટે દબાણ કરવામાં આવતું હોવાની ફરિયાદોને પગલે શિક્ષણ વિભાગ સક્રિય બન્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારીના નિર્દેષ બાદ રાજુલાની ૧૦થી વધુ ખાનગી શાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે. રાજુલા સ્ટેશનરી એસોસિએશને આ મામલે સ્થાનિક તંત્ર અને શિક્ષણ વિભાગને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના વેચાણ કેન્દ્રો અથવા શાળામાંથી જ સામગ્રી ખરીદવા માટે ફરજ પાડે છે, જેના કારણે વાલીઓ અને સ્થાનિક વેપારીઓને મુશ્કેલી પડે છે.

જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી. ગોહિલે જણાવ્યું કે આરટીઈ એક્ટ-૨૦૦૯ મુજબ કોઈપણ શાળા વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાન કે શાળામાંથી જ પુસ્તકો, ડ્રેસ અથવા અન્ય સામગ્રી ખરીદવા માટે દબાણ કરી શકતી નથી. નિયમોના ભંગ બદલ સંબંધિત શાળાઓ સામે કાર્યવાહી સાથે રૂ.૧૦ હજાર સુધીનો દંડ ફટકારવામાં આવશે.

# હિંડોરણા ગામે પોલીસ ફરિયાદના મનદુ:ખમાં જાનથી મારવાની ધમકી આપી

રાજુલા, તા.૦૭

રાજુલાના હિંડોરણા ગામે પોલીસ ફરિયાદના મનદુ:ખમાં જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. તેમજ મોબાઈલ ડિસ્પ્લે તોડી નાંખી હતી. જે મુજબ પ્રતાપભાઈ દેગણભાઈ ભીલ (ઉ.વ.૨૪) એ સુખાભાઈ ટીડાભાઈ પટાટ, મુળુભાઈ ભગાભાઈ પટાટ, વિજયભાઈ ભાણભાઈ પટાટ તથા પ્રતાપભાઈ મુળુભાઈ પટાટ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ કામે આજથી આશરે એક વર્ષ પહેલા તેના પિતા દેગણભાઈ હાદાભાઈ ભીલને રસ્તા બાબતે સુખાભાઈ સાથે માથાકુટ થઈ હતી. જે બાબતે રાજુલા પોલીસ સ્ટેશનમાં તેના પિતાની વિરૂધ્ધમાં ફરિયાદ કરી હતી. આ બાબતનુ મનદુ:ખ રાખી તેઓ તેમના ઘરેથી હિંડોરણા ચોકડી પાસે સર્વિસ રોડ ઉપર ખોડીયાર સ્પેર પાર્ટની દુકાન પાસે પહોચતા આરોપીઓ એવી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ સાથળના ભાગે પાંચથી છ લોખંડના પાઈપના ઘા મારી તેના ખિસ્સામાં રહેલા મોબાઈલની ડિસ્પ્લે તોડી નાંખી હતી.તેમજ ગળાના ભાગે પકડી જાનથી મારી નાખવાની ઘમકી આપીને શરીરે જેમફાવે તેમ ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો.

# લીલીયા ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી: ‘એક પેડ મા કે નામ’ અભિયાનનો પ્રારંભ



લીલીયા,તા.૦૭

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ૫ જૂનથી ૧૨ જૂન ૨૦૨૬ દરમિયાન યોજાનારા વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે લીલીયા તાલુકા વન્ય પ્રાણી રેન્જ ખાતે વૃક્ષારોપણનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. વન્ય પ્રાણી ડિવિઝનના ડી.સી. એફ. ચિરાગ અમીનની અધ્યક્ષતામાં રાજમાતા સિંહણ સ્મારક ખાતે ‘એક પેડ મા કે નામ ૩.૦’ અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ડી.સી. એફ. ચિરાગ અમીન, વિરલસિંહ ચાવડા અને પૂર્વેશ કાચાએ પ્રાસંગિક પ્રવચન આપી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ તકે મહેન્દ્રભાઈ ખુમાણ, મનોજભાઈ જોષી, હરેશભાઈ જેબલિયા અને કનુભાઈ ડાવેરા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી



અમરેલી,તા.૦૭

વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણીના ભાગરૂપે અમરેલી નગરપાલિકાના પદાધિકારીઓ તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા એક વિશેષ એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત અંતર્ગત સ્વચ્છ ભારત મિશન (SBM) યોજના હેઠળ શહેરમાં ચાલી રહેલા વિવિધ પર્યાવરણલક્ષી અને સ્વચ્છતાના વિકાસ કાર્યોનું સ્થળ પર જઈને ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન નગરપાલિકાની ટીમે એસ.ટી.પી. પ્લાન્ટ, ડમ્પસાઈટ તેમજ મટીરિયલ રિકવરી ફેસિલિટી (MRF) સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈને ત્યાં ચાલી રહેલી પ્રક્રિયાઓની સમીક્ષા કરી હતી. પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપતા પદાધિકારીઓએ ઉપસ્થિત અધિકારીઓને કામગીરી વધુ ગુણવત્તાયુક્ત અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# મોટા ભંડારીયાની કૃષિ મહાવિદ્યાલય ખાતે ‘વિશ્વ પર્યાવરણ દિન’ની ભવ્ય ઉજવણી

**સ્વયંસેવકોએ કોલેજ પરિસરમાં પ્લાસ્ટિક કચરો એકત્ર કરી સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું**



અમરેલી, તા.૦૭

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત કૃષિ મહાવિદ્યાલય મોટા ભંડારિયા (અમરેલી) ખાતે ‘વિશ્વ પર્યાવરણ દિન’ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલપતિ અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓના નિયામકના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.આ પ્રસંગે રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના ૭૨ સ્વયંસેવકોએ કોલેજ પરિસરમાં પ્લાસ્ટિક કચરો એકત્ર કરી સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. આચાર્ય ડૉ. ડી. એચ. કેલૈયાએ વિદ્યાર્થીઓને વધુ વૃક્ષો વાવવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અપીલ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ અને સ્ટાફગણ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં વાહકજન્ય રોગ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૭

અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં જિલ્લા વાહકજન્ય રોગ નિયંત્રણ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. રાજ્ય સરકારની સૂચના અનુસાર જૂન માસને ‘મેલેરિયા વિરોધી માસ’ અને જુલાઈ માસને ‘ડેન્ગ્યુ વિરોધી માસ’ તરીકે ઉજવવા માટે આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં આરોગ્ય વિભાગ, વિવિધ સરકારી કચેરીઓ અને નગરપાલિકાઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચોમાસા દરમિયાન મચ્છરોની ઉત્પત્તિ રોકવા, પાણી ભરાવાની સમસ્યા દૂર કરવા, સ્વચ્છતા જાળવવા અને જનજાગૃતિ વધારવા માટે જરૂરી પગલાં અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે તમામ વિભાગોને સંકલન સાથે સમયબધ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૮૨/૨૦૨૬

અરજદાર : શ્રી મણીબેન જીણાભાઈ મહીડા
સરનામુ : મું.વાંઢ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વાંઢ
મું.વાંઢ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વાંઢ** ગામના **શ્રી મણીબેન જીણાભાઈ મહીડા** એ તેમના **પૌત્રી નામે શ્રી રમીલા ઉગાભાઈ મહિડા નું મરણ** તા.૨૬/૦૪/૨૦૨૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.એમ.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૩ માહે. માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**












**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૧૭/૨૦૨૬

અરજદાર : શ્રી કાળાભાઈ સોમાતભાઈ સાંખટ
સરનામુ : મું.નાગેશ્રી તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** નાગેશ્રી ગામના **શ્રી કાળાભાઈ સોમાતભાઈ સાંખટ** એ તેમના **બહેન નામે શ્રી રતનબેન સોમાતભાઈ સાંખટ નો જન્મ** તા.૨૯/૧૨/૧૯૯૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**



**:: જાહેર નોટીસ ::**

જીલ્લો અમરેલી તાલુકો જાફરાબાદ નાં મોજે. લોર સર્વે નંબર નં. સર્વે નં. ૯૩/૧ પૈકી ૧ તથા સર્વે નં. ૯૩/૨ પૈકી ૨ તથા સર્વે નં. ૯૩/૨ પૈકી ૧/પૈકી ૨ તથા સર્વે નં. ૯૩/૨ પૈકી ૩/પૈકી ૧ તથા સર્વે નં. ૯૩/૨ પૈકી ૧/પૈકી ૧/પૈકી ૧ તથા સર્વે નં. ૯૩/૨ પૈકી ૧ તથા સર્વે નં. ૯૩/૨ પૈકી ૧/પૈકી ૧ વાળીવાળી બિનખેતી તથા ખેતી ની જમીન નાં વેચાણ અંગેની જાહેર નોટીસ.

અમરેલી જિલ્લાનાં જાફરાબાદ તાલુકાનાં મોજે. લોર ગામનાં ખેડખાતાં નં. ૩૫૬ થી નીચે મુજબ ની ખેતી તથા બિનખેતીની જમીનો નીચે મુજબ છે.

| ક્રમ | સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | આકર (પૈસા) | જમીન પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૯૩/૧ પૈકી ૧ | ૧-૬૪-૯૧ | ૩.૫૩ | બિનખેતી |
| ૨ | ૯૩/૨ પૈકી ૧ | ૦-૪૭-૪૭ | ૦.૭૩ | ખેતી |
| ૩ | ૯૩/૨ પૈકી ૨ | ૦-૨૦-૨૪ | ૦.૬૦ | બિનખેતી |
| ૪ | ૯૩/૨ પૈકી ૧/પૈકી ૧ | ૧-૦૦-૦૦ | ૨.૩૫ | ખેતી |
| ૫ | ૯૩/૨ પૈકી ૧/પૈકી ૨ | ૦.૪૯.૬૬ | ૦.૧૫ | બિનખેતી |
| ૬ | ૯૩/૨ પૈકી ૩/પૈકી ૧ | ૧-૬૧-૮૮ | ૩.૪૬ | બિનખેતી |
| ૭ | ૯૩/૨ પૈકી ૧/પૈકી ૧/ પૈકી ૧ | ૧-૦૬-૩૯ | ૧૫૯૬ | બિનખેતી |
| કુલ | (૭) | ૬-૫૦-૫૫ | ૧૬૬૦ | - |

ઉપરોક્ત સર્વે નંબર વાળી બિનખેતી તથા ખેતીની જમીન તેના માલીકો નામે (૧) હમીરભાઈ મેરામણભાઈ બારડ હાલ રહે. ભાલછેલ તા. તાલાળા અને (૨) ભગવાનભાઈ ધાનાભાઈ બારડ રહે. બાદલપરા તા. તાલાળા વાળાઓની પોતાની પ્રત્યક્ષ માલિકી, કબજા ભોગવટાની અને બોજા રહીત સંપુર્ણ ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું તા. ૧૩/૪/૨૦૨૩ નાં રોજ નકકી કરેલ છે. જેના ટોકન પેટે નાંણા પણ અમારા અસીલએ ઉપરોક્ત માલિકોને ચુકવી આપેલ છે જેનો કબજો અમારા અસીલ તા. ૧૩/૪/૨૦૨૩ થી સંભાળી રહ્યા છે ત્યારબાદ અમારા અસીલએ સદરહું કવોરી માઈનિંગ લીઝ ડેવલપ કરેલ છે હાલ આ લીઝનો કબજો અમારા અસીલ પાસે છે જેમાં તેઓ બ્લેક ટ્રેપ (પથ્થર) કાઢવાનું કામ કરી રહ્યા છે જેના ખાનગી કંપનીઓનાં વર્ક ઓર્ડર પણ તેમની પાસે છે. સદરહું જમીનનાં માલિકો મારા અસીલને નક્કી થયેલ કિમંત પર વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે ખોટા વાયદાઓ અને સમય પસાર કરતા હોય તેમજ અન્ય ત્રાહિત પક્ષોને વેચાણથી આપવાની તજવીજ કરતા હોય જેથી મારા અસીલ રાજુલા પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબ ની કોર્ટ માં સ્પે. દીવાની મુકદમા નં. ૩/૨૦૨૬ થી દાવો દાખલ કરેલ છે જે દાવો હાલ પેન્ડીંગ છે. જેથી સદરહુ જમીન અંગે કોઈ પણ વ્યકિત, પેઢી, કંપની કે સંસ્થાએ વેચાણ વ્યવહાર કે બાનાખત કરતા પહેલાં ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેવી જેથી ભવિષ્યમાં કોઈ તકરાર ઉભી ના થાય જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

**મું. રાજુલા**
**તા.૦૭/૦૬/૨૦૨૬**

**વકીલ શ્રી એ. બી. શિયાળ**
**શ્રી સાંઈ એન્ટરપ્રાઈઝનાં પ્રોપરાઈટર - રાજુલા**
**પ્રતાપભાઈ ઉર્ફે પાતાભાઈ લાલાભાઈ લાખણોત્રા**
**ઓફીસ સરનામું : દુકાન નં. ૩, ત્રીનેત્ર અર્કાડે કોમ્પ્લેક્ષ, જાફરાબાદ રોડ, આહીર સમાજ ગેટ પાસે, રાજુલા, જી. અમરેલી મો. ૯૯૨૪૮૪૫૫૫૫**

# અમરેલીમાં શેરબજારના નામે ઓનલાઈન છેતરપિંડી: ટેલિગ્રામ ચેનલ દ્વારા યુવકને રૂ. ૬૯,૪૪૧નો ચૂનો લગાડ્યો

અમરેલી, તા.૦૭

રાજ્યમાં ઓનલાઈન રોકાણ અને શેરબજારના નામે છેતરપિંડી આચરતી ગેંગ વધુ સક્રિય બની છે, ત્યારે અમરેલીમાં વધુ એક સાયબર ફ્રોડનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ટેલિગ્રામ ચેનલ પર શેરબજારની ટિપ્સ અને ઊંચા વળતરની લાલચ આપી એક શખ્સે ફરિયાદી પાસેથી કુલ રૂ. ૬૯,૪૪૧.૨૦ ની ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. આ અંગે અમરેલીમાં રહેતા દર્શક રવજીભાઈ વઘાસીયા (ઉ.વ.૩૦)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આ ગુનાના આરોપીએ ટેલિગ્રામ એપ્લિકેશન પર એક ચેનલ બનાવી હતી. આ ચેનલમાં તે શેરબજારની ખોટી ટિપ્સ અને મની ઈન્વેસ્ટમેન્ટની આકર્ષક સ્કીમો મૂકી લોકોને જાળમાં ફસાવતો હતો. ફરિયાદી પણ આ ચેનલના સંપર્કમાં આવ્યા હતા. આરોપીએ પોતાના મોબાઈલ નંબર પરથી ફરિયાદીનો વોટ્સએપ પર સંપર્ક કર્યો હતો. તેણે ફરિયાદીને શેરબજારની સ્કીમમાં રોકાણ કરવાથી ટૂંક સમયમાં જ ખૂબ સારું વળતર (રીટર્ન) મળશે તેવી મોટી-મોટી લાલચો આપી હતી. આરોપીની વાતોમાં આવી જઈને ફરિયાદીએ શરૂઆતમાં ઈન્વેસ્ટમેન્ટ પેટે રૂ. ૩૦,૦૦૦ આરોપીને ગૂગલ પે પર ટ્રાન્સફર કર્યા હતા, જે રકમ આરોપીએ ઓળવી લીધી હતી. પ્રાથમિક રોકાણ બાદ આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા અને ત્યારબાદ પ્રોફિટ મેળવવા અથવા રીટર્ન ચાર્જના બહાના હેઠળ ફરીથી નાણાંની માંગણી કરી હતી. ફરિયાદી પાસેથી રીટર્ન ચાર્જના નામે વધુ રૂ. ૩૯,૪૪૧.૨૦ અન્ય એક આરોપીના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

# બગસરાના સાપર સુડાવડ ગામનો માર્ગ નવો નહીં બનતા લોકો દ્વારા ચક્કજામ

બગસરા,તા.૦૭



બગસરાથી સાપર સુડાવડ જવાના રસ્તાનું કામ છેલ્લા એક વર્ષથી ચાલુ છે. પરંતુ હજુ સુધી આ કામમાં ફક્ત રોડ ખોદેલ છે પરંતુ નવો બનાવેલ નથી. આથી આજે જનઆક્રોશ જોવા મળ્યો હતો. સાપર અને સુડાવડ ગામનું કાયમી હટાણું બગસરાનું હોવાથી ત્યાંથી આવતા તમામ લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેથી આજે કંટાળીને લોકો રોડ ઉપર આવી ગયા હતા અને ચક્કાજામ કર્યો હતો. તેમણે ચીમકી આપી હતી કે, તત્કાલ રોડ બનાવવામાં આવે નહિ તો ઉગ્ર આંદોલન કરીશું. અત્રે ઉલ્લેખનીય છે કે, આ રોડ છેલ્લા ૧ વર્ષ કરતા વધારે સમયથી તંત્ર દ્વારા તોડી નાખેલ છે. જેના કારણે વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે. જયારે આ માર્ગ ફક્ત ૬ કિલોમીટર જેટલો જ છે. આ રોડ સાપર અને સુડાવડ જવાનો એક માત્ર રસ્તો છે અને ખેડૂતોને વાડી એ જવાનો મુખ્ય માર્ગ છે. આ રોડ માટે સાપર ગામના સરપંચ દ્વારા વારંવાર રજુવાત કરેલ છતાં પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી થયેલ નથી.

# અમરેલીમાં "વિકસિત ભારત સંકલ્પ સંમેલન" યોજાશે

અમરેલી,તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને વિકાસના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અંતર્ગત અમરેલી ખાતે પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવોની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન''નું આયોજન કરવામાં આવશે.આ સંમેલનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, વિકાસલક્ષી પહેલો અને દેશ-રાજ્યમાં થયેલા પરિવર્તનાત્મક વિકાસકાર્યો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. આ સાથે અમરેલીની પ્રગતિને વર્ણવતી ખાસ પ્રદર્શની પણ યોજાશે. કાર્યક્રમમાં જિલ્લાના અગ્રણીઓ, લોકપ્રતિનિધિઓ, સરકારી યોજનાઓના લાભાર્થીઓ, મહિલાઓ અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# રાજુલાના વડ ગામે વૃક્ષારોપણની સાથે ગીધ સંરક્ષણની માંગ કરવામાં આવી

રાજુલા, તા.૦૭



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજુલા તાલુકાના વડ ગામ ખાતે પર્યાવરણના રક્ષણ માટે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય મોરારીબાપુની પ્રેરણાથી સ્વ. ભીમબાપુ આપાભાઈ બોરીચાના સ્મરણાર્થે બનેલા વૃક્ષમંદિરના આંબાના બગીચામાં દેશી કુળના વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ આયોજન આશરે ત્રણ વિઘા વિસ્તારમાં પક્ષીઓ અને પ્રાણીઓના આશ્રય માટે કરવામાં આવ્યું છે. રામકુભાઈ બોરીચા, ખોડુભાઈ બોરીચા, રુદ્રરાજ બોરીચા સહિતના અન્ય મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.રાજુલા નેચર ક્લબના પ્રમુખ વિપુલભાઈ લહેરીએ ચિંતા વ્યક્ત કરી કે તોકતે વાવાઝોડાના કારણે ઝાંપોદર અને ઊંચૈયા જેવા વિસ્તારોમાં ઊંચા વૃક્ષો ધરાશાયી થતાં ગીધોના આશ્રયસ્થાનો નષ્ટ થયા છે. આથી, ગીધોના સંરક્ષણ માટે સરકારે આ વિસ્તારમાં વહેલી તકે 'જટાયુ વન' બનાવવું જોઈએ.

# અમરેલીના માંગવાપાળ ગામે યુવતીનું બાવડું પકડી લાફો માર્યો

**બાથરૂમ જતી હતી ત્યારે બની ઘટના**

અમરેલી, તા.૭

અમરેલીના માંગવાપાળ ગામે રહેતી એક યુવતી બાથરૂમ જતી હતી ત્યારે તેનું બાવડું પકડીને લાફો માર્યો હતો. બનાવ અંગે યુવતીની માતાએ કલ્પેશભાઈ હિંમતભાઈ ખીટોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમની દીકરી બાથરૂમ જતી હતી ત્યારે આરોપી પાછળ પાછળ જઈ જેમફાવે તેમ ખરાબ ગાળો આપી હતી. તેમજ તેની દિકરીનું બાવડુ પકડી તેના તરફ ખેચી ગળેથી ટીશર્ટ પકડી એક લાફો ગાલ ઉપર મારી, ટીશર્ટ ફાડી નાખ્યું હતું. ઉપરાંત તેમના ઘરે લોખંડનો પાઈપ લઈ જઈ ઘરના દરવાજા ઉપર એક ઘા મારી ગુન્હો કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ ટી ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં CHOની ૨૦ જગ્યાઓ ભરવા બાવકુ ઊંધાડની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી, તા.૦૭



સમગ્ર દેશના વિકાસમાં શિક્ષણ અને આરોગ્ય પાયાની બાબતો છે. ગ્રામીણ સ્તરે આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા નેશનલ હેલ્થ મિશન કાર્યરત છે, પરંતુ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૫થી સીએચઓ (CHO)ની આશરે ૨૦ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. વડિયા કુંકાવાવ તાલુકાના મોટા ઉજળા ગામની મુલાકાત દરમિયાન, સરપંચ વિપુલભાઈ ખીમાણીએ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડને રજૂઆત કરી હતી કે આગામી ચોમાસામાં ગ્રામીણ વિસ્તારોમાં રોગચાળો ફેલાવવાની આશંકા છે. આ ગંભીર બાબતને ધ્યાને લઈને, પૂર્વ મંત્રી બાવકુ ઊંધાડે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા સહિતના ઉચ્ચ અધિકારીઓને પત્ર લખીને અમરેલી જિલ્લામાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવા લેખિત માંગણી કરી છે.

# ધારીના પરબડીમાં નવનિર્મિત પંચાયત ભવન અને પુલનું લોકાર્પણ

ધારી, તા.૦૭




ધારી તાલુકાના પરબડી ગામે નવનિર્મિત પંચાયત ભવન અને ગામમાં જવા માટેના પુલનું લોકાર્પણ ધારાસભ્ય જે. વી. કાકડીયા તેમજ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અને દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા પંચાયતના સદસ્ય પોપટભાઈ દાફડા, ચલાલા નગરપાલિકાના પ્રમુખ જયરાજભાઈ વાળા, પરબડીના સરપંચ જસુભાઈ વાળા, તાલુકા પંચાયત પૂર્વ સદસ્ય અનુભાઈ લલીયા, મંગળુભાઈ વાળા, ઝર સરપંચ દિલાવરભાઈ, નગરપાલિકા સદસ્ય અશોકભાઈ તલાટીયા, ધારી તાલુકા ભાજપ મંત્રી દિનેશભાઈ ચોડવડીયા અને ગામના આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યાં હતાં.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.ડો.જયેશ નટવરલાલ ઠાકરનું બેસણુ સોમવાર, તા. ૮/૬/૨૬ ના રોજ, અમરનાથ મહાદેવ મંદિર, જગન્નાથ પ્લોટ મેઈન રોડ, બિગ બજાર પાછળ, સાંજે ૪ થી ૬ કલાકે રાજકોટ રાખેલ છે. તે ઔદીચ્ય સહસ્ત્ર ચિભડિયા બ્રહ્મ સમાજના સ્વ. નટવરલાલ જયશંકર ઠાકર ( મૂળ ગામ ગોંડલ) ના પુત્ર, કમલેશભાઈ ઠાકર ( એડવોકેટ, રાજકોટ)ના નાનાભાઇ, ચિ. ધ્રુવા અને ચિ. બ્રિન્દાના પિતાશ્રી તેમજ ચિ. હર્ષિત અને ચિ. જીતના કાકા, સ્વ. અનંતરાય ભાઈશંકરભાઈ ત્રિવેદી (કુકાવાવ)ના જમાઈ, તેમજ અંશુમન એ. ત્રિવેદીના બનેવી થાય છે.


BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૧૪/૨૦૨૬

અરજદાર : શ્રી પરમાર જીતુભાઈ બચુભાઈ
સરનામુ : મું.બલાણા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બલાણા
મું.બલાણા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** બલાણા ગામના **શ્રી પરમાર જીતુભાઈ બચુભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી પરમાર દશરથ જીતુભાઈ નો જન્મ** તા.૨૧/૧૦/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૭૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ધાખડા ભીખુભાઈ નાનાભાઈ
સરનામું :- મુ.કોટડી તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કોટડી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કોટડી મુકામે ના શ્રી ધાખડા ભીખુભાઈ નાનાભાઈ એ તેમના પુત્ર નામે શ્રી ધાખડા અશોકભાઈ ભીખુભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૨, ના રોજ રાજુલા તાલુકાના કોટડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી પી.એમ.કાતરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૭૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી મકવાણા શામજીભાઈ દેવાતભાઈ
સરનામું :- મુ.કુંડલીયાળા તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કુંડલીયાળા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કુંડલીયાળા મુકામે ના શ્રી મકવાણા શામજીભાઈ દેવાતભાઈ એ તેમના પિતા નામે સ્વ.દેવાતભાઈ ગીગાભાઈ મકવાણા નું મરણ તા.૨૨/૦૯/૨૦૦૪, ના રોજ રાજુલા તાલુકાના કુંડલીયાળા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી પી.એમ.કાતરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૧૮/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી જીંજાળા લાભુભાઈ રણછોડભાઈ
સરનામું :- મુ.મોરંગી તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મોરંગી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોરંગી મુકામે ના શ્રી જીંજાળા લાભુભાઈ રણછોડભાઈ એ તેમના પુત્રી નામે શ્રી આરતી લાભુભાઈ જીંજાળા નો જન્મ તા.૦૪/૦૩/૧૯૯૮, ના રોજ રાજુલા તાલુકાના મોરંગી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી પી.એમ.કાતરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૫૦૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી મકવાણા શામજીભાઈ દેવાતભાઈ
સરનામું :- મુ.કુંડલીયાળા તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કુંડલીયાળા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કુંડલીયાળા મુકામે ના શ્રી મકવાણા શામજીભાઈ દેવાતભાઈ એ તેમના માતાશ્રી નામે સ્વ.મણીબેન દેવાતભાઈ મકવાણા નું મરણ તા.૨૪/૦૪/૧૯૯૯, ના રોજ રાજુલા તાલુકાના કુંડલીયાળા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી પી.એમ.કાતરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે અમરેલીમાં વન ચેતના કેન્દ્ર ખાતે 'બીજ મેળો' યોજાયો

અમરેલી, તા.૦૭

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમરેલીના વન ચેતના કેન્દ્ર ખાતે સામાજિક વનીકરણ રેન્જ દ્વારા ભવ્ય 'બીજ મેળા' અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રકૃતિના જતનનો સંદેશ આપવા માટે સ્થાનિક અને લુપ્ત થવાના આરે રહેલી ૧૦૦થી વધુ દુર્લભ વનસ્પતિ પ્રજાતિઓના બીજનું આકર્ષક પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમમાં અંદાજે ૨૦૦ જેટલા



પ્રકૃતિપ્રેમીઓ અને વિવિધ સંસ્થાઓના ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ નર્સરીની મુલાકાત લઈને ચોમાસામાં હરિયાળી વધારવા માટે ઉપયોગી એવા 'સીડ્સ બોલ' બનાવવાની પ્રાયોગિક તાલીમ મેળવી હતી. આ ઉપરાંત, 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત મહાનુભાવો દ્વારા પ્રતીકાત્મક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત નાગરિકોને નિઃશુલ્ક રોપાઓનું વિતરણ કરીને પર્યાવરણના સંવર્ધન માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# ખાંભાના અનીડા નજીક ટ્રેક્ટરે રિક્ષાને ટક્કર મારતા એક જ પરિવારના ૩ સભ્યો ઈજાગ્રસ્ત

ખાંભા, તા.૭

ખાંભા તાલુકાના અનીડા ગામના બસ સ્ટેશન નજીક અકસ્માત સર્જાયો હતો. બાઈક બગડી જતાં રિક્ષામાં બેસીને આવી રહેલા એક પરિવારને રોંગ સાઈડથી પૂરઝડપે આવતા હળ જોડેલા ટ્રેક્ટરે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ૨ વર્ષની માસૂમ બાળકી અને તેના માતા-પિતા રિક્ષામાંથી રોડ પર ફંગોળાઈ જતાં ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ખાંભામાં રહેતા હસમુખભાઈ ભાણાભાઈ શિયાળ, તેમના પત્ની સોનલબેન અને તેમની ૨ વર્ષની દીકરી હિયા તા. ૦૫/૦૬/૨૦૨૬ના રોજ પોતાનું મોટરસાયકલ લઈને બાબાપુરથી ખાંભા આવી રહ્યા હતા. આ દરમિયાન વાવડી ગામ પાસે અચાનક તેમનું મોટરસાયકલ બગડી ગયું હતું. આથી તેમણે એક માલવાહક રિક્ષા ભાડે કરી તેમાં પોતાનું બાઈક ચડાવ્યું હતું અને પરિવાર સાથે રિક્ષામાં બેસી ખાંભા આવવા રવાના થયા હતા. રાત્રિના આશરે આઠેક વાગ્યાના સુમારે આ રિક્ષા અનીડા ગામના બસ સ્ટેશન નજીક પહોંચી ત્યારે સામેથી રોંગ સાઈડમાં એક ટ્રેક્ટર ધસમસતું આવ્યું હતું. ટ્રેક્ટર ચાલક ધર્મેશભાઈ રમણીકભાઈ બાલધાએ પોતાના હવાલાવાળું હળ જોડેલું ટ્રેક્ટર પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રિક્ષા સાથે ધડાકાભેર ભટકાવ્યું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષા સીધી રોડ નીચે ઉતરી ગઈ હતી અને રિક્ષામાં બેઠેલો પરિવાર રોડ પર ફંગોળાયો હતો.માતા-પુત્રીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે તેમને પીઠ અને પેટના ભાગે ગંભીર આંતરિક ઈજા પહોંચી હતી.

# 'તું કેમ મારી સામે જો છો' કહી છાતીના ભાગે ઢીકા માર્યા

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા શહેરમાં તું કેમ મારી સામે જો છો કહી યુવકને છાતીના ભાગે ઢીકા માર્યા હતા. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે વસીમ મહેબુબભાઈ સંધોડ(ઉ.વ.૨૫) એ આર્યન આસિફભાઈ કુરેશી, આફતાબ આસિફભાઈ કુરેશી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાના ઘર પાસે આવેલ ગલ્લે ગયા હતા. ત્યાં રસ્તામાં આર્યન કુરેશી પોતાની નમકીનની ગાડી લઈને મળ્યો હતો અને તું કેમ મારી સામે જો છો તેમ કહી જેમફાવે તેમ ગાળો આપી હતી. તેમજ ઝપાઝપી કરી છાતીના ભાગે ત્રણ ઢીકા મારી જતો રહ્યો હતો. થોડીવાર પછી તેઓ રોશની પાનના ગલ્લે ઉભા હતા ત્યારે બંને આરોપીએ આવી શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી, જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સરકારી વિનયન કોલેજ લીલીયા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

લીલીયા,તા.૦૭

સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, લીલીયાના એન.સી.સી. વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના માર્ગદર્શન અને ડૉ. મહેશ એસ. ગઢિયાના નેતૃત્વમાં યોજાયેલા



આ કાર્યક્રમમાં આગામી સમયમાં ૧૦૦૦થી વધુ વૃક્ષોના વાવેતર અને જતનનો સંકલ્પ લેવાયો હતો. કેડેટ્સ, અધ્યાપકો અને ગ્રામજનોએ ઉત્સાહભેર વૃક્ષારોપણ કર્યું હતું. આચાર્યશ્રીએ દરેક નાગરિકને ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેની જવાબદારી નિભાવવા અપીલ કરી હતી. પ્રાર્થના, પ્રેરણાત્મક ઉદ્બોધન અને વંદે માતરમ્ સાથે "એક વૃક્ષ – અનેક જીવન"ના સંદેશ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# બાબરાના વાવડા ગામેથી ૭ જુગારી રૂ. ૧૨,૫૩૦ની મત્તા સાથે ઝબ્બે

**બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. સી. સોલંકી વધુ તપાસ હાથ ધરી છે**

બાબરા, તા.૦૭

બાબરાના વાવડા ગામેથી પોલીસે ૭ જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂપિયા ૧૨,૫૩૦ની મત્તા જપ્ત કરવામાં આવી હતી. ધનજીભાઈ ભગવાનભાઈ ભાયાણી, રમેશભાઈ ગોરધભાઈ જાદવ, મનીષભાઈ તળશીભાઈ ખીહડીયા, ઘનશ્યામભાઈ વાલજીભાઈ ભાયાણી, રમેશભાઈ લાખાભાઈ રામાણી, ધીરૂભાઈ જેરામભાઈ રામાણી, ગીરધરભાઈ વલ્લભભાઈ ભાયાણી જાહેરમાં તીનપતીનો હાર જીતનો પૈસા પાનાથી જુગાર રમી રમાડી કુલ રોકડ રૂ.૧૨,૫૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે સી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાંથી ત્રણ યુવતીઓ લાપતા

અમરેલી, તા. ૦૭

અમરેલી જિલ્લામાંથી યુવતીઓ ગુમ થવાનો સિલસિલો યથાવત રહ્યો છે, જેમાં લાઠી પંથકમાંથી બે સહિત જિલ્લામાંથી કુલ ત્રણ યુવતીઓ લાપતા થઈ છે.પ્રથમ બનાવમાં, ધારીના કોઠાપીપરીયા ગામે રહેતા મનસુખભાઈ પુંજાભાઈ દાફડા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી નિશાબેન દાફડા (ઉ.વ.૧૮) ઘરેથી પોતાની બહેનપણીને મળવા જવાનું કહીને નીકળ્યા બાદ પોતાની મેળે ક્યાંક જતી રહી છે અને પરત ફરી નથી.બીજા બનાવમાં, લાઠી ખોડિયાર નગર રેલ્વે ફાટક પાસે રહેતા રાજુભાઈ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૪૯)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી વર્ષાબેન (ઉ.વ.૨૦) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે.

જ્યારે ત્રીજી ઘટનામાં, લાઠીના દેરડી (જાનબાઈ) ગામે રહેતા પ્રાગજીભાઈ બાબુભાઈ રવોલીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા પ્રમાણે, તેમની દીકરી કિરણબેન (ઉ.વ.૧૯) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી હતી અને પરત આવી નથી.

# સાવરકુંડલાના જુના સાવર ગામે સાસુ-વહુમાં બોલાચાલી બાદ વહુએ એસીડ પીધું

**દીકરીઓને બહુ ખીજાવાય નહી તેમ કહેતા ઘટના બની**

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલાના જુના સાવર ગામે સાસુ-વહુમાં બોલાચાલી બાદ વહુએ એસીડ પીધુ હતું. જે બાદ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. સારવાર દરમિયાન વહુનું મોત થયું હતું. બનાવ સંદર્ભે વિજયભાઈ અશોકભાઈ મોરવાડીયા (ઉ.વ.૨૬) એ જાહેર કર્યા મુજબ, તેની પત્ની દયાબેન વિજયભાઈ મોરવાડીયા (ઉ.વ.૨૬)ને સાસુએ દીકરીઓને બહુ ખીજાવાય નહી તેમ કહ્યું હતું. જે તે બાબતે સાસુ-વહુને સામાન્ય બોલાચાલી થતા મનમાં લાગી આવતા એસીડ પી જતા સારવાર દરમ્યાન મરણ પામી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય એ સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ઉનાળામાં ૧૨ વર્ષથી અવિરત વિનામૂલ્યે છાશ વિતરણ

સાવરકુંડલા, તા. ૦૭

ઉનાળાની કાળઝાળ ગરમીમાં જરૂરિયાતમંદ લોકોની આંતરડી ઠારવા માટે સાવરકુંડલાનું સોનિક ફાઉન્ડેશન છેલ્લા ૧૨ વર્ષથી પ્રશંસનીય સેવા આપી રહ્યું છે. સંસ્થા દ્વારા દેવળા ગેઈટ પાસે આવેલી શ્રીકૃષ્ણ ગૌશાળા ખાતે વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરાયું છે, જ્યાં દરરોજ સવારે ૬:૩૦ થી ૭:૩૦ દરમિયાન ૧૦૦૦ થી ૧૨૦૦ લીટર શુધ્ધ છાશનું વિતરણ કરીને સેંકડો પરિવારોને રાહત પહોંચાડવામાં આવે



છે. ચાલુ વર્ષે ૧૫ માર્ચ ૨૦૨૬થી શરૂ થયેલા આ કેન્દ્રમાં જીતેષભાઈ ગેડીયા, જીતેન્દ્રભાઈ નાંઢા, તેજસભાઈ ચોંડિગરા, દિલીપભાઈ રાઠોડ અને નિકુલ ગેડીયા જેવા સેવાભાવી કાર્યકરો અવિરત સેવા આપી રહ્યા છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સાવરકુંડલામાં એક અદ્યતન અને આધુનિક હાર્ટ હોસ્પિટલનું નિર્માણ કરવાનો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૦૮-૦૬-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શત તારકા, પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

**તા.૦૮-૦૬-૨૦૨૬ સોમવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

# અમરેલીથી ભુરખિયા સુધી ૩૫ કિમીની સ્કેટિંગ મેરેથોન યોજાઈ

લાઠી,તા. ૦૭

આજના ડિજિટલ યુગમાં બાળકો અને યુવાનોને મોબાઈલની દુનિયામાંથી બહાર લાવી રમતગમત તેમજ સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાના ઉદ્દેશ સાથે ન્યુ પાયોનિયર સ્કેટિંગ એકેડમી, અમરેલી દ્વારા ૩૫ કિલોમીટરની સ્કેટિંગ મેરેથોન યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોન



અમરેલીના સેન્ટર પોઈન્ટથી પ્રારંભ થઈ ભુરખિયા સ્થિત પવિત્ર હનુમાનજી મંદિર સુધી યોજાઈ હતી. વહેલી સવારે ૬ વાગ્યે શરૂ થયેલી આ યાત્રામાં ૭ વર્ષથી ૨૦ વર્ષ સુધીના કુલ ૨૫ સ્કેટર્સે ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સવારે લગભગ ૧૧ વાગ્યે તમામ સ્કેટર્સ ભુરખિયા પહોંચ્યા હતા. ત્યાં ભુરખિયા દાદાના પવિત્ર સ્થળે ભાવપૂર્વક દર્શન અને પ્રાર્થના કર્યા બાદ આ મેરેથોન યાત્રાનું ઉત્સાહભેર સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન તમામ ખેલાડીઓમાં અનેરો ઉત્સાહ અને અદ્ભુત આનંદ જોવા મળ્યો હતો.

# વડિયામાં સસલાના શિકારના વીડિયો મુદ્દે મહિલાને ગાળો આપી

વડિયા, તા.૭

વડિયામાં સસલાના શિકારના વીડિયો મુદ્દે મહિલાને ગાળો આપવામાં આવી હતી. આ અંગે આશાબેન રવજીભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) એ રાજુભાઈ રાણસમીયા તથા લખુભાઈ ખારાપાટીયા સામે ફરિયાદ નોંધાવી હતી. રાજુભાઈ રાણસમીયાને જંગલ ખાતા વાળાએ સસલાના શિકાર બાબતે પકડ્યા હતા. જેન સોશિયલ મીડીયામાં વીડિયો આવતો હતો. જેમા સાહેદે કોમેન્ટ કરતા સારૂ નહીં લાગતા ગાળો આપી લોખંડના પાઈપ વડે માથાના ભાગે એક ઘા માર્યો હતો. ઉપરાંત એક ટાંકો આવ્યો હતો.તેમજ સાહેદને લાકડીનો એક ઘા વાંસાના ભાગે મારી મુંઢ ઈજા કરીને જેમફાવે તેમ ગાળો આપી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ એન ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૧૬/૨૦૨૬

અરજદાર : શ્રી પરમાર બાબુભાઈ કાનાભાઈ
સરનામુ : મું.બલાણા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બલાણા
મું.બલાણા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** બલાણા ગામના **શ્રી પરમાર બાબુભાઈ કાનાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી પરમાર જયશ્રી બાબુભાઈ નો જન્મ** તા.૨૦/૦૫/૨૦૦૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૧૫/૨૦૨૬

અરજદાર : શ્રી વાઘેલા જશોદાબેન ભગાભાઈ
સરનામુ : મું.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** વઢેરા ગામના **શ્રી વાઘેલા જશોદાબેન ભગાભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી કાળીબેન ભગાભાઈ વાઘેલા નો જન્મ** તા.૨૭/૦૪/૨૦૦૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૧૯/૨૦૨૬

અરજદાર : શ્રી નુરજહા મહમદ નરપાલી ડો/ઓ સુમરા નજુભાઈ
સરનામુ : મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બલાણા
મું.બલાણા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** જાફરાબાદ ગામના **શ્રી નુરજહા મહમદ નરપાલી ડો/ઓ સુમરા નજુભાઈ** એ તેમના (૧) **પુત્ર નામે શ્રી સુમરા ઈસ્માઈલભાઈ નજુભાઈ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૪ (૨) **પુત્રી નામે શ્રી સુમરા શાબેરાબુ નજુભાઈ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૮૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તંત્રી લેખ

# રાષ્ટ્રના આર્થિક વિકાસના સ્પીડ બ્રેકર્સ

સ્પીડ બ્રેકર એટલે ગતિ અવરોધક. જે ગતિને અવરોધે છે. વ્યક્તિ હોય કે રાષ્ટ્ર હોય પ્રગતિના માર્ગ પર જે મુશ્કેલી આવે છે તેને સ્પીડ બ્રેકર કહી શકાય. જેટલી ગતિથી વિકાસ થવો જોઈએ તે અમુક સમસ્યાઓને કારણે ન થાય તો તે એક પ્રકારની વિકાસના માર્ગની મુશ્કેલી છે.

રાષ્ટ્રના આર્થિક વિકાસની સફળતા માટે સતત અને અવિરત ગતિ જરૂરી છે. પરંતુ કોઈ પણ અર્થતંત્રને સ્થિર અને સમાવેશક બનાવવા માટે કેટલાક નિયંત્રિત અવરોધો – જેને આપણે ‘સ્પીડ બ્રેકર’ કહી શકીએ – પણ જરૂરી બની જાય છે. જો કે, આમાંના કેટલાક અવરોધો બિનજરૂરી વિલંબ, અક્ષમતા અને વિકાસમાં અવરોધ ઉભો કરે છે, જે લાંબા ગાળે રાષ્ટ્રને ભારે નુકસાન પહોંચાડે છે. આમાં મુખ્ય છે નીતિગત અનિશ્ચિતતા.

ભારતીય અર્થતંત્ર સમક્ષ સૌથી મોટો સ્પીડ બ્રેકર છે નીતિગત અનિશ્ચિતતા. વ્યવસાયિક વાતાવરણ અચાનક બદલાઈ જવાના કારણે રોકાણકારો અને ઉદ્યોગપતિઓ લાંબા ગાળાના આયોજનથી દૂર રહે છે. કર નીતિઓમાં અચાનક ફેરફાર, વ્યાપાર સરળતા અનુક્રમણિકામાં વધઘટ, અને આયાત-નિકાસ નીતિઓમાં ઉતાર ચઢાવ અર્થતંત્રની ગતિ ધીમી કરી દે છે. નાણાકીય વર્ષ દરમ્યાન અચાનક જાહેર થતા નિયમો ઉત્પાદન ખર્ચ વધારે છે અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતા ઘટાડે છે.

બીજા ક્રમમાં આવે છે માળખાકીય અવરોધો. માર્ગ, રેલ, બંદર અને લોજિસ્ટિક્સની અપૂરતી સ્થિતિ બીજો મોટો અવરોધ છે. ભલે ભારતે હાઈવે અને એક્સપ્રેસવેના નિર્માણમાં પ્રગતિ કરી છે, છતાં અંતિમ માઈલ કનેક્ટિવિટીનો અભાવ, બંદરો પર વધુ પડતો ભારઘાટ, અને રેલ્વેની માલવાહક ક્ષમતામાં અપૂરતા ફેરફારો લોજિસ્ટિક્સ ખર્ચને જીડીપીના ૧૪% સુધી લઈ જાય છે, જ્યારે વિકસિત દેશોમાં તે ૮-૧૦% હોય છે. દરેક ટ્રક કલાકો સુધી ચેકપોસ્ટ પર અટકે છે, જે ઉત્પાદનની કિંમતમાં વધારો કરે છે. ત્રીજા ક્રમમાં આવે છે.વહીવટી બોજ અને ભ્રષ્ટાચાર.

લાઈસન્સ, પરમિટ, સર્ટિફિકેશન અને નિરીક્ષણનો વધુ પડતો બોજ ઉદ્યોગોની ગતિ કચડી નાખે છે.ચોથા કલમોમાં આવે છે સામાજિક અવરોધો. શ્રમ અને શિક્ષણની કટોકટી બિનકુશળ અને અપૂરતી રીતે પ્રશિક્ષિત માનવસંસાધન અર્થતંત્રની ગતિમાં મોટો અવરોધ છે.

સ્પીડ બ્રેકર્સને સ્માર્ટ ટ્રાફિક સિસ્ટમમાં ફેરવવા દરેક સ્પીડ બ્રેકર ખરાબ જ નથી હોતો – કેટલાક વધુ પડતી ગતિથી રક્ષણ માટે હોય છે, જેમ કે પર્યાવરણીય નિયમો અથવા સામાજિક સુરક્ષા કાયદા. પરંતુ બિનજરૂરી વહીવટી જટિલતા, નીતિગત અનિશ્ચિતતા અને માળખાકીય ખામીઓને દૂર કરવી જ પડશે. ગતિ અને સ્થિરતા વચ્ચે સંતુલન જરૂરી છે. સુધારેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલાઈઝેશન, પારદર્શક નીતિઓ અને સરળતાથી કારોબારી ક્ષમતાઓ વડે આ બ્રેકર્સને સ્મૂથ ટ્રાફિક સિસ્ટમમાં રૂપાંતરિત કરી શકાય છે. ત્યારે જ રાષ્ટ્રનો વિકાસ દસમી ગતિએ દોડી શકશે – અને તે દોડ સમાવેશક, ટકાઉ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક હશે.

# સૌરાષ્ટ્ર કચ્છના સમુદ્ર કિનારે મધદરિયે વીજળીનું ઉત્પાદન



## પ્રાસંગિક
### સુરેશ દેસાઈ

દરિયાની વચ્ચે સ્થાપિત કરવામાં આવતી પવનચક્કીઓને હાલમાં ખાસ મહત્વ આપવામાં આવી રહ્યું છે વિશ્વના ઘણા દેશોમાં આ રીતે દરિયાની વચ્ચે પવનચક્કી ફીટ કરવામાં આવી છે અને કેબલ દ્વારા તેની વીજળીને કિનારે લઈ જવામાં આવે છે જેમાં બ્રાઝિલ તેના જેવા દેશ અગ્રસ્થાને છે ભારતમાં પણ હવે આ રીતની પહોચ્યો ફીટ કરવા માટેની સાનુકૂળતાઓ હોવાથી આ શક્યતા પણ વિચારવામાં આવી રહી છે.ઓફશોર વિન્ડમિલ શું છે?

ઓફશોર વિન્ડમિલ અથવા વધુ યોગ્ય શબ્દોમાં ઓફશોર વિન્ડ ટર્બાઈન એ દરિયા અથવા સમુદ્રમાં સ્થાપિત કરવામાં આવતી પવનચક્કી છે, જે પવનની ઊર્જાને વીજળીમાં રૂપાંતરિત કરે છે. આ ટર્બાઈનો સામાન્ય રીતે દરિયાકિનારાથી ઘણા કિલોમીટર દૂર સ્થાપિત કરવામાં આવે છે, જ્યાં પવન જમીન કરતાં વધુ તેજ અને સતત ફૂંકાતો હોય છે.

દરિયાઈ પવન ચક્કી કેવી રીતે કાર્ય કરે છે તે જાણવું જરૂરી છે.

પવન ટર્બાઈનના બ્લેડને ફેરવે છે. બ્લેડની ગતિ જનરેટર સુધી પહોંચે છે, જે વીજળી ઉત્પન્ન કરે છે. ત્યારબાદ આ વીજળી સમુદ્રની અંદર બિછાવેલી કેબલ દ્વારા કિનારે આવેલા સબસ્ટેશન સુધી પહોંચાડવામાં આવે છે અને ત્યાંથી વીજ ગ્રીડમાં જોડાય છે. ઓફશોર વિન્ડમિલના મુખ્ય ફાયદાઓ અનેક છે.

દરિયામાં પવન વધુ શક્તિશાળી અને સતત હોય છે.જમીનનો ઉપયોગ કરવો પડતો નથી. મોટા કદની ટર્બાઈન સ્થાપિત કરી શકાય છે, તેથી વધુ વીજળી ઉત્પન્ન થાય છે.કાર્બન ઉત્સર્જન વગર સ્વચ્છ ઊર્જા મળે છે. આ ફાયદા હોવા છતાં સામે પક્ષે મુશ્કેલીઓ પણ છે. એમાં સ્થાપન અને જાળવણી ખર્ચાળ હોય છે. દરિયાઈ પર્યાવરણ અને માછીમારી પર અસરનું ધ્યાન રાખવું પડે છે.સમુદ્રમાં કેબલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવું જટિલ હોય છે. ભારત પાસે લગભગ ૭,૫૦૦ કિમી લાંબો દરિયાકિનારો છે. ખાસ કરીને ગુજરાત અને તમિલનાડુના દરિયાકાંઠે ઓફશોર વિન્ડ એનર્જીની મોટી સંભાવના માનવામાં આવે છે. ભવિષ્યમાં આ ટેકનોલોજી ભારતની હરિત ઊર્જા ક્ષમતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

સરળ શબ્દોમાં કહીએ તો ઓફશોર વિન્ડમિલ એટલે દરિયામાં ઊભી કરેલી વિશાળ પવનચક્કી, જે સમુદ્રના જોરદાર પવનથી સ્વચ્છ વીજળી ઉત્પન્ન કરે છે. ગુજરાતનો ખંભાતનો અખાત કુદરતી રીતે એવા ભૌગોલિક અને હવામાનીય લક્ષણો ધરાવે છે જે તેને ભારતના સૌથી યોગ્ય ઓફશોર વિન્ડ ઝોન પૈકીનો એક બનાવે છે. ખાસ કરીને ભાવનગરના જુનાબંદરથી નિષ્કલંક મહાદેવ સુધીનો દરિયાકાંઠાનો વિસ્તાર અને તેની સામેનો સમુદ્રી પટ્ટો આ ક્ષેત્રમાં અસાધારણ સંભાવનાઓ ધરાવે છે. આ ઉપરાંત અમરેલી જિલ્લાનો સમુદ્ર કિનારાનો સમગ્ર વિસ્તાર આ માટે યોગ્યતા ધરાવે છે.

ખંભાતનો અખાત : કુદરતી શક્તિનો ખજાનો

ખંભાતનો અખાત વિશ્વના એવા વિસ્તારોમાં ગણાય છે જ્યાં ભરતી અને ઓટનો તફાવત અત્યંત ઊંચો જોવા મળે છે. અહીં ઘણી વખત ભરતી દરમિયાન સમુદ્રનું જળસ્તર અનેક મીટર સુધી વધતું હોવાથી સમુદ્રમાં સતત ગતિશીલ ઊર્જા સર્જાય છે. આ વિસ્તારની વિશિષ્ટ ભૂગોળના કારણે દરિયાઈ પવન પણ વર્ષના મોટા ભાગના સમયગાળામાં મજબૂત અને સતત રહે છે. અરબી સમુદ્રમાંથી આવતાં પવનો ખંભાતના અખાતમાં પ્રવેશતાં વધુ ગતિ મેળવે છે, જેના કારણે વીજ ઉત્પાદન માટે જરૂરી પવનની ઉપલબ્ધતા અન્ય વિસ્તારો કરતાં વધુ અનુકૂળ બને છે.

ભાવનગર નજીકના સમુદ્રી વિસ્તારમાં જો મોટા પાયે ઓફશોર વિન્ડ ટર્બાઈન સ્થાપિત કરવામાં આવે તો તે સમગ્ર ગુજરાત માટે ઊર્જા ઉત્પાદનનું એક નવું કેન્દ્ર બની શકે છે. દરિયાની અંદર ખુલ્લા વિસ્તારમાં પવનને અવરોધતા કોઈ પર્વતો કે ઈમારતો ન હોવાથી ટર્બાઈન વધુ કાર્યક્ષમ રીતે વીજળી ઉત્પન્ન કરી શકે છે. આ કારણે જમીન પરની પવનચક્કીઓની સરખામણીએ ઓફશોર વિન્ડ પ્રોજેક્ટ વધુ ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.

ગુજરાતની ઊર્જા ક્રાંતિનું કેન્દ્ર બની શકે ભાવનગર ભાવનગર જિલ્લો પહેલેથી જ બંદરો, જહાજભાંગ ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને દરિયાઈ વેપાર માટે જાણીતો છે. જો અહીં ઓફશોર વિન્ડ એનર્જી પ્રોજેક્ટ વિકસાવવામાં આવે તો જિલ્લાની ઓળખ ઊર્જા ક્ષેત્રના અગ્રણી કેન્દ્ર તરીકે પણ ઉભરી શકે છે. જુનાબંદરથી નિષ્કલંક મહાદેવ સુધીનો વિસ્તાર સમુદ્ર સાથે સીધો સંપર્ક ધરાવે છે અને અહીં વિશાળ દરિયાઈ પટ્ટો ઉપલબ્ધ છે. આ વિસ્તારની નજીક જ ઘોઘા બંદર અને અન્ય દરિયાઈ સુવિધાઓ હોવાથી પ્રોજેક્ટના બાંધકામ અને જાળવણીમાં પણ સરળતા રહે શકે છે.

ઓફશોર વિન્ડ ફાર્મના વિકાસથી ગુજરાતમાં હજારો મેગાવોટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન શક્ય બની શકે છે. આ વીજળી રાજ્યના ઉદ્યોગો, શહેરો અને ગ્રામ્ય વિસ્તારોની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ બનશે. સાથે સાથે કોલસા અને ગેસ આધારિત વીજ ઉત્પાદન પરની નિર્ભરતા પણ ઘટશે. કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થતાં ગુજરાતના હરિત વિકાસના લક્ષ્યોને પણ નવી ગતિ મળશે.

આ પ્રોજેક્ટનો બીજો મહત્વપૂર્ણ લાભ રોજગારી સર્જન છે. ટર્બાઈન ઉત્પાદન, સ્થાપન, દરિયાઈ પરિવહન, જાળવણી, વીજ પુરવઠા વ્યવસ્થા અને ટેકનિકલ સેવાઓ જેવા ક્ષેત્રોમાં સ્થાનિક યુવાનો માટે નવી તકો ઊભી થઈ શકે છે. ભાવનગર અને આસપાસના વિસ્તારોમાં ટેકનિકલ તાલીમ કેન્દ્રો તથા સંશોધન સંસ્થાઓના વિકાસને પણ પ્રોત્સાહન મળી શકે છે. ઘોઘા અને કોળીયાક નજીક વીજ ટ્રાન્સમિશનના વ્યૂહાત્મક કેન્દ્રો વિકસિત કરી શકાય.

સમુદ્રની અંદર ઉત્પન્ન થતી વીજળીને અસરકારક રીતે જમીન પર લાવવી એ ઓફશોર વિન્ડ પ્રોજેક્ટની સૌથી મહત્વપૂર્ણ કડી છે. આ સંદર્ભમાં ઘોઘા અને કોળીયાક વિસ્તાર વ્યૂહાત્મક રીતે અત્યંત અનુકૂળ સ્થાન ધરાવે છે. દરિયાઈ ટર્બાઈનોથી ઉત્પન્ન થતી વીજળીને હાઈ-વોલ્ટેજ સબમરીન કેબલ દ્વારા કિનારા સુધી લાવી શકાય છે. કિનારે સ્થિત વિશાળ સબસ્ટેશનમાં આ વીજળીનું વોલ્ટેજ રૂપાંતર કરીને રાજ્યના વીજ ગ્રીડ સાથે જોડવામાં આવી શકે છે. ઘોઘા વિસ્તાર પહેલેથી જ બંદર અને પરિવહન સુવિધાઓ માટે ઓળખાય છે. અહીં આધુનિક પાવર રિસીવિંગ સ્ટેશન સ્થાપિત કરવામાં આવે તો ઓફશોર વિન્ડ પ્રોજેક્ટના સંચાલન અને જાળવણી માટે મજબૂત આધારભૂત માળખું ઊભું થઈ શકે છે. બીજી તરફ કોળીયાક વિસ્તાર ભૌગોલિક રીતે સમુદ્રને નજીક હોવાથી અહીં પણ એક મહત્વપૂર્ણ ગ્રીડ કનેક્શન કેન્દ્ર વિકસાવી શકાય છે. બે અલગ કેન્દ્રો દ્વારા વીજળીનું વિતરણ કરવામાં આવે તો ગ્રીડની વિશ્વસનીયતા વધશે અને વીજ પુરવઠામાં સ્થિરતા રહેશે.

આવા સ્ટેશનો માત્ર વીજ પરિવહન માટે જ નહીં પરંતુ ભવિષ્યમાં ગ્રીન હાઈડ્રોજન, ઊર્જા સંગ્રહ પ્રણાલીઓ અને અન્ય નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટોના વિકાસ માટે પણ આધારસ્તંભ બની શકે છે. પરિણામે ભાવનગર જિલ્લો ભારતના સ્વચ્છ ઊર્જા નકશામાં એક અગત્યનું સ્થાન મેળવી શકે છે.

ભવિષ્ય તરફનો મજબૂત પગથિયો ખંભાતના અખાતમાં ઓફશોર વિન્ડ એનર્જીનો વિકાસ માત્ર એક ઊર્જા પ્રોજેક્ટ નથી, પરંતુ તે ગુજરાતના આર્થિક અને પર્યાવરણીય ભવિષ્યને નવી દિશા આપનારી યોજના બની શકે છે. કુદરતે આ વિસ્તારને શક્તિશાળી પવન, વિશાળ દરિયાઈ વિસ્તાર અને અનુકૂળ ભૌગોલિક સ્થિતિ જેવી અમૂલ્ય ભેટો આપી છે. જો વૈજ્ઞાનિક આયોજન, આધુનિક ટેકનોલોજી અને લાંબા ગાળાની દ્રષ્ટિ સાથે આ સંભાવનાનો ઉપયોગ કરવામાં આવે તો ભાવનગર અને સમગ્ર ગુજરાત સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે આગવું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. ડિસ્ક્લેમરઃ આ લેખ ખંભાતના અખાત વિસ્તારમાં ઓફશોર વિન્ડ એનર્જીની સંભાવનાઓ અને ઉપલબ્ધ ભૌગોલિક લક્ષણોના આધારે તૈયાર કરાયેલ વિશ્લેષણાત્મક લેખ છે. પ્રોજેક્ટની વાસ્તવિક ક્ષમતા, ખર્ચ, ઉત્પાદન અને પર્યાવરણીય અસર અંગેના અંતિમ નિષ્કર્ષો માટે વિગતવાર વૈજ્ઞાનિક સર્વે, પવન માપન અભ્યાસ, દરિયાઈ પર્યાવરણ મૂલ્યાંકન અને સરકારી મંજૂરીઓ જરૂરી રહેશે.

# સૌ સાથે હળી-મળીને રહેવું એ જીવનની શ્રેષ્ઠ કળા છે

## મનન ચિંતન
### ભરત બાવીશી



માનવ એક સામાજિક પ્રાણી છે. તે એકલો જીવી શકતો નથી. પરિવાર, સમાજ, મિત્રો, સહકર્મીઓ અને સગાસંબંધીઓ સાથેના સંબંધો તેના જીવનને સુખમય બનાવે છે. જીવનમાં સફળતા મેળવવા માટે માત્ર જ્ઞાન, સંપત્તિ કે હોદ્દો પૂરતો નથી, પરંતુ સૌ સાથે હળી-મળીને રહેવાની કળા પણ એટલી જ જરૂરી છે. જે વ્યક્તિ દરેક સાથે પ્રેમ, સન્માન અને સહકારથી વર્તે છે તે હંમેશા લોકોના દિલમાં સ્થાન બનાવે છે. એક સુંદર કહેવત છે:“ફૂલ સુગંધથી ઓળખાય છે અને માણસ તેના વ્યવહારથી.” સૌ સાથે હળી-મળીને રહેવાનો અર્થ માત્ર વાતો કરવી નથી, પરંતુ બીજાની લાગણીઓને સમજવી, તેમની ખુશીમાં ખુશ થવું અને મુશ્કેલીમાં તેમની સાથે ઊભા રહેવું એ છે.

પ્રકૃતિમાંથી શીખવા જેવું :

પ્રકૃતિ આપણને સહઅસ્તિત્વનો સુંદર પાઠ શીખવે છે. એક બગીચામાં અનેક પ્રકારના ફૂલો ખીલે છે. દરેકનું રંગ, રૂપ અને સુગંધ અલગ હોય છે, છતાં તેઓ એકબીજા સાથે સ્પર્ધા કરતાં નથી. બધા મળીને બગીચાની સુંદરતા વધારે છે. તેવી જ રીતે સમાજમાં પણ દરેક વ્યક્તિ અલગ સ્વભાવ અને વિચારધારા ધરાવે છે. જો આપણે ભેદભાવ છોડીને સૌને સ્વીકારીએ તો સમાજ વધુ સુંદર બની શકે.

એક પ્રેરણાદાયક ઉદાહરણ :

એક ગામમાં બે પડોશી રહેતા હતા. એક ખૂબ ધનવાન હતો અને બીજો સામાન્ય ખેડૂત. ખેડૂત હંમેશા સૌને મદદ કરતો,

સૌ સાથે પ્રેમથી વાત કરતો અને ગામના દરેક પ્રસંગમાં સહભાગી બનતો. જ્યારે ધનવાન માણસ પોતાના પૈસા અને ગર્વમાં રહેતો. એક દિવસ ધનવાન માણસના ઘરે આગ લાગી. ગામના લોકો તરત જ મદદ માટે દોડી આવ્યા. કારણ કે

ખેડૂત સાથેના તેમના સારા સંબંધોના કારણે સૌમાં સહકારની ભાવના હતી. આગ બુઝાવવામાં સૌએ યોગદાન આપ્યું. ત્યારે ધનવાન માણસને સમજાયું કે પૈસા કરતાં પણ લોકોનો પ્રેમ અને સંબંધો વધુ કિંમતી છે.

સંબંધો જ જીવનની સાચી મૂડી :

આજના સમયમાં લોકો પાસે સમય ઓછો અને વ્યસ્તતા વધુ છે. મોબાઈલ અને સોશિયલ મીડિયાએ સંપર્ક તો વધાર્યો છે, પરંતુ હૃદયથી જોડાણ ઓછું કર્યું છે. આવા સમયમાં હસીને મળવું, કોઈની વાત ધ્યાનથી સાંભળવી, જરૂરિયાતમંદને મદદ

કરવી અને સંબંધોને સાચવવા સમય આપવો ખૂબ મહત્વનું બની ગયું છે. ઘણી વખત નાની-નાની ગેરસમજણો સંબંધોમાં અંતર લાવી દે છે. જો આપણે અહંકારને બદલે સમજદારી અપનાવીએ, માફી માંગતા અને માફ કરતા શીખીએ તો ઘણા સંબંધો બચી શકે છે.

કાર્યસ્થળ પર પણ જરૂરી :

શાળા, ઓફિસ કે કોઈપણ સંસ્થામાં જે વ્યક્તિ સૌ સાથે સહકારથી કામ કરે છે તે વધુ સફળ બને છે. ટીમવર્કનું મૂળ પણ હળીમળી રહેવામાં જ છે. એકલા માણસની સફળતા મર્યાદિત હોય છે, જ્યારે સૌના સહયોગથી મોટી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે.

સૌ સાથે હળીમળી રહેવાના લાભો:

માનસિક શાંતિ મળે છે. સંબંધો મજબૂત બને છે,મુશ્કેલીના સમયે સહારો મળે છે, સમાજમાં સન્માન વધે છે. જીવન વધુ

આનંદમય બને છે,તણાવ અને એકલતા ઘટે છે. “એકતા અને સહકારમાં જ શક્તિ છે. જ્યારે આપણે સૌ સાથે મળીને રહીએ છીએ ત્યારે કોઈ મુશ્કેલી આપણને તોડી શકતી નથી.”

ઉપસંહારઃ

જીવનમાં મોટું બનવું સહેલું છે, પરંતુ સૌના દિલમાં સ્થાન મેળવવું મુશ્કેલ છે. જે વ્યક્તિ સૌ સાથે હળી-મળીને રહેવાની

કળા શીખી જાય છે તે સાચા અર્થમાં સફળ બને છે. પ્રેમ, સ્નેહ, સહકાર અને સદ્વ્યવહાર એ એવા ગુણો છે જે માણસને લોકપ્રિય અને આદરણીય બનાવે છે.

**“સંબંધોનું ધન જ જીવનની સૌથી મોટી સંપત્તિ છે;**
**જે સૌ સાથે હળી-મળીને રહે છે, તે જ સાચા અર્થમાં સમૃધ્ધ છે.”**

# શિક્ષક અને ખેડૂત ક્યારેય સાધારણ નથી





## ઝાકળનું એક બિંદુ
### હિરેન હિરપરા



દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જમીન અને લોકોના સારા આરોગ્ય માટે પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને આગળ વધવા કરેલી અપીલ પછી ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. જેના સારા પરીણામો પણ મળી રહ્યા છે. આજે વિવિધ બિમારીઓથી પીડીત જનતાને સારો અને શુધ્ધ ખોરાક મળી રહે તે પણ જરૂરી છે. જગતનું પેટ ભરવા માટે ખેડૂતો રાત-દિવસ મહેનત કરે છે. છતા પૂરતા ભાવોનો અભાવ અને અનેક મુશ્કેલીઓ ખેતી અને ખેડૂતો સામે છે. ભારતની ભૂમિને જીવતી રાખવા દેશી ગાય, પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતો જાતે વેલ્યુએડીશન કરે તો જ સધ્ધરતા આવી શકે. ભાષણોથી ખેડુતોનું ભલુ થવાનું નથી, ભાષણોથી ભાષણો કરનારાઓનું ભલુ થાય છે. ખેતિ કરતો તમમા સમાજ - જ્ઞાતિઓ-જાતિઓનો સમૂહ એટલે ખેડૂત સમાજ પરંતુ જ્ઞાતિ, જાતિમાં વિભાજીત કરી દેવામાં આવે છે. એટલે ખેડૂત કોમામાં જતો રહે છે અને સમાજના નામે રાજકિય રોટલા હોશિયાર લોકો શેકી જાય છે.

શિક્ષક કયારેય સાધારણ નથી હોતો એ વાત આપણે હંમેશા સાંભળતા આવ્યા છીએ. દેશના ભાવી એવા બાળકોનું ઘડતર કરનાર છે. સભ્ય અને સમર્થ સમાજ નિમાર્ણનાં ઘડવૈયા એવા શિક્ષક છે.

આજે એક એવા શિક્ષક અને ખેડૂતનો પરિચયય આપને કરાવવો છે. મધ્ય ગુજરાતના આણંદ જિલ્લાના આણંદ તાલુકાના વલાસણા ગામના ૫૬ વર્ષીય માધ્યમિક શાળામાં નોકરી કરતા પ્રકાશભાઈ છગનભાઈ સોલંકી કહે છે. હું પહેલા ખેડૂત પુત્ર પછી સફળ શિક્ષક અને આજે જાતે ખેતી કરતો થયો એટલે ખેડૂત. એમ.એ.બી.એડ સુધીનો અભ્યાસ કરનાર પ્રકાશભાઈ સોલંકીને ગુજરાત સરકારના આત્મા પ્રોજેકટના અધિકારીઓએ જયારે પ્રાકૃતિક ખેતીની માહિતી અને માર્ગદર્શન આપ્યુ. ત્યારબાદ હરિયાણા ખાતે છ દિવસની માહિતી લીધી. બાદમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે. પોતાની પાસે રહેલી ગાયો આધારતિ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. ચોમાસામાં ડાંગર, શિયાળામાં ઘઉં, ઉનાળામાં બાજરી અને શાકભાજીનું વાવેતર કરે છે અને સારી આવક મેળવી રહ્યા છે.

રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ખર્ચ ઘટી ગયો જે ફાયદો થયો છે. ઉપરાંત જમીનમાંથી અળસીયાના મૃતપાય થઈ ગયા હતા આજે ફરી જમીન સ્વસ્થ બની ગઈ છે.

આ ઉપરાંત પોતાની વાડી ઉપર બી.આર.સી યુનિટ પણ બનાવેલ છે. સરકારશ્રીના સહયોગથી જેમાં રૂ.૬૦.૦૦૦ જેવી સબસીડી પણ મળી છે. આ યુનિટના માધ્યમથી જીવામૃત, ધનજીવામૃત, ૧૦ પર્ણ અર્ક બનાવવામાં આવે છે. જે ખેડૂતોને સાવ સામાન્ય ભાવથી વેચાણ કરવામાં આવે છે. ૨ વર્ષમાં બે લાખ જેવી વધારાની આવક આ બી.આર.સી યુનિટ મારફતે થઈ છે. પ્રકાશભાઈ કહે છે, જમીન મને વારસામાં મળી છે. આ જમીન ઉંપજાવ અને જમીન મને નિપજાવની સ્થિતીમાં બાળકોને વારસામાં આપવાની છે. માત્ર સાત, બાર, ૮-અ ના ઉતારા નથી આપવાના.

આ સફળ શિક્ષક ધારે તો સમાજમાં ખુબ મોટુ પરિવર્તન લાવી શકતા હોય છે. આજે પ્રકાશભાઈ અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની માહિતી અને તાલીમ પણ આપવા માટે જાય છે. ખરા અર્થમાં શિક્ષક કયારે સાધારણ હોતા જ નથી. પ્રકાશભાઈ સોલંકીનો સંપર્ક નં.૭૮૦૨૦૦૯૪૬૦ છે.

## :: તિખારો ::

**માણસની કિંમત, પૈસા કે સૌંદર્યથી નથી હોતી તેની કિંમત તેનો સ્વભાવ, ઈમાનદારી અને ચારીત્ર્યથી હોય છે. સમય બદલાય છે, ત્યારે પૈસા, સૌંદર્ય કે સત્તા કામ નથી આવતા ત્યારે ઈમાનદારી અને સારો સ્વભાવ જ મૂડી તરીકે ઉભા રહે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# અઠવાડિક ખેતિ કાર્યો

જ્યાં જમીન સાથે મળી જાય તેટલો વરસાદ હોય તોજ વાવેતર કરવું.

● જ્યાં અધકચરો અથવા ઓછો વરસાદ હોય ત્યાં વાવેતર કરવું નહિ.

● કોરામાં કોઈ પાકનું વાવેતર કરવું નહિ.

● પાકનું જોખમ ઘટાડવા આંતરપાક પધ્ધતિ અપનાવો.

● વાવેતર માટે બિયારણ તૈયાર રાખો.

● શક્ય હોય તો બિયારણનો ઉગાવો વાવેતર અગાઉ પ્રમાણ જોઈ લેવું. જેથી વાવેતેર નિષ્ફળ ન જાય.

**મગફળી :**

● મગફળી એ સૂકી ખેતીનો અને તે પણ અનિયમિત વરસાદવાળા વાતાવરણનો પાક છે તેથી એકલો પાક લેવાથી મોટુ નુકશાન થવા સંભવ રહે છે. એટલે મગફળી સાથે કપાસ, એરંડા, તુવેર, તલ, સૂર્યમુખી જેવા પાકો આંતરપાક તરીકે લેવાથી ઉત્પાદન જોખમ ઘટાડી શકાય છે અને સરવાળે બે પાકમાંથી ખેડૂતને વધુ આવક મળી શકે છે. એટલે આંતર કે રીલે પાક પધ્ધતિ અપનાવવી.બીજ

**બીજ માવજતઃ**

● ઘણા વરસોથી એક જ જમીનમાં દર વધારે મગફળીનું વાવેતર કરવાથી જમીનજન્ય રોગો જેવા કે, ઉગસુક (કોલર રોટ), થડનો કોહવારો (સ્ટેમરોટ) વગેરેનું પ્રમાણ વધતુ જાય છે. જેના પરીણામે વાવેતર કરેલ વિસ્તારમાં છોડની સંખયા ઘટી જવાથી ઉત્પાદન ઓછુ મળે છે. એટલા માટે આવા રોગોથી કુમળા છોડનું રક્ષાણ કરવા માટે બીજને વાવતા પહેલા ૧ કિ.ગ્રા. બિયારણ દીઠ ૧ ગ્રામ ટેબુકોનાઝોલ અથવા ૫ ગ્રામ સ્યુડોમોનાસ ફ્લુરોસન્સ જેવી ફૂગનાશક દવાનો પટ આપી વાવેતર કરવું. આ ઉપરાંત ૧ કિ.ગ્રા. બિયારણ દીઠ૧૫ મીલી રાઈઝોબીયમ કલ્ચરની બીજ માવજત આપી વાવેતર કરવું. ઘૈણના નિયંત્રણ માટે પ્રતિ૧કી.ગ્રા.બીજ દીઠ ૨૦-૨૫ મીલી કલોરપાયરીફોસ ૨૦ ઈસી અથવા કવીનાલફોસ ૨૫ ઈસીનો પટ આપી વાવેતર કરવું.બીજ માવજત કરવા સીડ ડ્રેસીંગ ડ્રમનો ઉપયોગ કરવો જોઈએ.

● મધ્ય ગુજરાતમાં કલોરોથેલોનીલ દવાનું ૦.૦૩ ટકા દ્રાવણ બીજને છાંટવું. ખાસ કરીને જમીન નવી હોય અથવા ડાંગર પછીની પડતર હોય ત્યાં ગ્રેન્યુલેટેડ રાઈઝોબીયમ કલ્ચરની માવજત બીજને આપવી. સુકારા માટે ટેબુકોનાઝોલ ૦.૦૩ ટકાનું દ્રાવણ બીજને છાંટવુ અથવા થાયરમ કે કેપ્ટાન માંહેની એક દવા ૩ ગ્રામ મુજબ લઈ ૧ કિ.ગ્રા. બીજ દીઠ પટ આપવો.

● ખાસ કરીને બીજ માવજત આપતી વખતે પ્રથમ ફુગનાશક ત્યારબાદ જંતુનાશક અને છેલ્લે રાઈઝોબેકટરીયા એટલે કે જૈવિક ખાતરનો પટ આપવો.

**તલ :**

● તલના પાકમાં રાસાયણીક ખાતર ૨૫-૨૫-૪૦ (૫૪ કિલોગ્રામ ડીએપી, ૭૬ કિલોગ્રામ એમોનીયમ સલ્ફેટ અને ૬૭ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ) તથા ૧૫ કિલો સલ્ફર (૧૦૦ કિ.ગ્રા. જીપ્સમ) પ્રતિ હેકટર વાવણી વખતે જમીનમાં ઓરીને આપવું. આ ઉપરાંત ૧૫ કિલો ગંધકલ જીપ્સમ કે સીંગલ સુપર ફોસ્ફેટ આપવું ઈ વાવણી પછી ૩૦ અને ૪૫ દિવસે વરસાદ થયે જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન (૫૪ કિલોગ્રામ યુરીયા) પ્રતિ હેકટર ખાતર તરીકે આપવું.

● મૂળખાઈ તથા સુકારાના નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા હારજીયાનમનો બીજને પટ આપવો.



● તલ ગુજરાત-૧,૨,૪,૫ જીજેટી-૫, ૬ (સફેદ) અથવા ગુજરાત તાલ-૧૦ (કાળા)નું વાવેતર કરવું. આંતરપાક પધ્ધતિમાં એક હાર તુવેર વચ્ચે બે હાર તલનું વાવેતર કરવું.

● એક હેક્ટરના વાવેતર માટે ૨.૫ થી ૩ કિ.ગ્રા. બીજ પુરતુ છે. એક કિલો બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ કે કેપ્ટાનનો પટ આપવું.

**બાજરીઃ**

● **મોડી પાકતીઃ** જીએચબી-૫૫૮, ૭૩૨, **મધ્યમ પાકતીઃ** જીએચબી-૭૪૪, ૯૦૫,

● **વહેલી પાકતીઃ** જીએચબી-૫૩૮, ૭૧૯, ૭૫૭

● **ખાતરઃ**હેકટર દીઠ ૮૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ

**જુવારઃ**

● **સ્થાનિક જાતો** : બીપી-૫૩, માલવણ, ગુંદરી, સોલાપુરી, છાંસટીયો વિગેરે.

● **સુધારેલી જાતો** : જીજે–૩૬, જીજે–૩૮, જીજે–૩૯, જીજે–૪૦, જીજે–૪૧, જીજે – ૪૨, જી.જે.૪૪

● **સંકર જાતો** : જીએચએચ-૧, સીએસએચ-૫, સીએસએચ-૧૬, સીએસએચ-૧૭, સીએસએચ-૧૮

● **ખાતરઃ**દાણા માટે : કુલ ૮૦-૪૦-૦૦ એન.પી.કે./ હેકટર

● **ખાતરઃ**ઘાસચારાની જુવાર માટે :: ૪૦-૪૦-૦૦ એન.પી.કે./ હેકટરમગ : ગુજરાત મગ-૨,૩,૪,૫,૬.૧૦ અથવા કે.૮૫૧ નું વાવેતર કરવું. રીઈઝોબીયમ કલ્ચરનો પટ્ટ આપવો ૯૦ કિલો/હે. ડીએપી આપવું.

**અડદ** : ટી -૯,જી.યુ.-૩(અંજની), ગુજરાત અડદ -૧,૨,૪ અથવા ટીપીયુ- ૪, નું વાવેતર કરવું.

**નાગલી** : ગુ. નાગલી-૧,૨,૩,૪ અથવાજીએનએન-૭ , જી.એન.-૪ જાતનું વાવેતર કરવું.

**વરિયાળી**

● વરિયાળીની સુધારેલી જાતો ગુજરાત વરિયાળી – ૧ અને ગુજરાત વરિયાળી – ૨ ના પ્રમાણિત બીજનો વાવેતરમાં ઉપયોગ કરવો જોઈએ

ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

જેની ખાસિયતો કોઠામાં દર્શાવેલ છે.

**શાકભાજી :**

● જીજેઓએચ-૨,૩,૪ પરભણી ક્રાંતિ, હિસ્સાર, ગુ.હાઈ.ભીંડા-૧, ગુ.ભીંડા-૨ જીઓ-૩, જીએઓ-૫ ભીંડાનું વાવેતર કરવું.

● જી.જે.એસ.જી-૨ ગલકાનું વાવેતર કરવું.

● દક્ષીણ ગુજરાત માટે સુરતી રવૈયા ગુલાબી, તેમજ અન્ય વિસ્તાર માટે પીએલઆર -૧, જીજેબી-૨, પૂસાહાઈબ્રીડ-૫,૬,ગુ.આણદ લંબગોળ–ગુ.લાંબા રીંગણ-૧ ગુ.જૂનાગઢ રીંગણા–૨ માંથી કોઈપણ એક જાતનું રીંગણા નું વાવેતર કરવું.

● ચોમાસું ડુંગળીના વાવેતર માટે નાસિક-૫૩, ભીમા સુપર,તળાજા લાલ, જૂ.લાલ ડુંગળી, પુસારેડ, ડાર્ક રેડ,ભીમા રાજ અને અર્કા કલ્યાણ તેમજ હાઈબ્રીડ જાતોમા બીઈજો શીતલ , સેમનીશ સનસીડનુંવાવેતર કરવું.

● ચોમાસું ડુંગળી માટે રાસાયણિક ખાતર ૭૫-૫૦-૨૫ એન.પી.કે. આપવું. સુકારા માટે ટ્રાઈકોર્ડ હારજીયાનમ વાપરવું.

ટ્રાઈકોડર્માં ફૂગનો ઉપયોગ શેનાં માટે થાય છે?

પાકમાં મળતાં વિવિધ પ્રકારના રોગો જેવા કે બીજનો સડો, સુકારો, મૂળનો કોહવારો વગેરેનાં નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા નામની ફૂગ ઉપયોગી થાય છે.

વપરાશ માટે નો માપદંડ બીજ માવજત માટે પાવડર ૪ થી ૫ ગ્રામ / કિલો બીજ અને પ્રવાહી ૫ થી ૧૦ મિલી/ કિલો બીજ લેખે ઉપયોગ કરવો જોઈએ.

પાવડર સ્વરૂપે એક કિલોગ્રામ ખોળ કે સેન્દ્રીય ખાતરમાં ૫ ગ્રામનાં માપ મુજબ "ટ્રાઈકોડમાં ફૂગ રોગકારક ફૂગનું નિયંત્રણ કેવી રીતે કરે છે ?"

ટ્રાઈકોડમાં એ રોગકારક ફૂગની ઉપર પરોપજીવી તરીકે પોતાની કવચજાળ પાથરી તેમાંથી કોષરસ ચુસીને રોગકારક ફૂગનું નિયંત્રણ કરે છે. ટ્રાઈકોડર્માં ફૂગ એ જમીનમાં વિવિધ પ્રકારની એન્ટીબાયોટીક છોડીને રોગકારક ફૂગની કોષ દિવાલને તોડીને તેનું નિયંત્રણ કરે છે. ટ્રાઈકોડર્માં ફૂગ રોગકારકોની સાથે ખોરાક માટે હરીફાઈ કરીને તેને કાબુમાં રાખે છે. ટ્રાઈકોડમાં જમીનમાં વિવિધ પ્રકારના રસાયણો છોડ છે જેથી છોડની રોગપ્રતિકારક શકિતમાં વધારો કરે છે. અને પોષક તત્વોની લભ્યતા વધારે છે. ટ્રાઈકોડમાં ફૂગ રોગકારક ફૂગના બીજાણુંને ઉગતા અટકાવે છે.

ટ્રાઈકોડમાં ફૂગની કઈ પ્રજાતિ ઉપયોગી છે?

ટ્રાઈકોડમાં ફૂગની અંદાજે ૮૯ પ્રજાતિઓ છે, જે પૈકીની અમુક પ્રજાતિઓ જેવીકે ટ્રાઈકોડમાં વીરડી, ટ્રાઈકોડમાં હારજીયાનમ, ટ્રાઈકોડમાં વાઈરેન્સ, ટ્રાઈકોડમાં હેમેટમ, ટ્રાઈકોડમાં કોની-ગી, ટ્રાઈકોડમાં પોલીસ્પોરમ, ટ્રાઈકોડમાં એટ્રોવીરડી, ટ્રાઈકોડમાં લો-જીબ્રેકીયેટમ, ટ્રાઈકોડમાં સ્વયુડોકોની ગી, ટ્રાઈકોડમાં ફેસીક્યુલેટમ, ટ્રાઈકોમાં રેઈસી ઉપયોગી છે. જેમાંથી ટ્રાઈકોડમાં વીરીડી અને ટ્રાઈકોડમાં હારજીયાનમ સૌથી વધારે ઉપયોગી છે.

**ટ્રાઈકોડમાંના ફાયદાઓઃ-**

● ટ્રાઈકોડમાં આપવાથી છોડની વૃધ્ધિ, વિકાસ અને ઉત્પાદન વધે છે. ટ્રાઈકોડર્માં બીજમાવજત તરીકે આપવાથી બીજનો ઉગારો સારો થાય છે.


● રાસાયણિક ફૂગનાશકોની સરખામણીમાં વધુ સસ્તુ પડે છે. પર્યાવરણ માટે સલામત છે. તેના ઉપયોગથી

● જમીન, જળ અને હવામાં પ્રદૂષણ થતું નથી. ટ્રાઈકોડર્માંની પાક ઉપરકોઈ પ્રતિકૂળ અસર થતી નથી.

● ટ્રાઈકોડમાં આપવાથી છોડના ઊંડા મૂળની સંખ્યામાં વધારો થાય છે. જેથી છોડ પાણીની ખેંચ સામે ટકી શકે છે.

● ટ્રાઈકોડમાં આપવાથી જમીનજન્ય રોગોનું લાંબા સમય સુધી નિયંત્રણ કરી શકાય છે.

● ટ્રાઈકોડમાં એક કરતાં વધારે જમીનજન્ય ફૂગનું નિયંત્રણ કરે છે.




● ટ્રાઈકોડમાં જમીનમાં રહેલાં અર્ધ સડેલા કચરો, પાન, દેશી ખાતરને ઝડપથી સેડવી ખાતરમાં ફેરવે છે.

● ટ્રાઈકોડમાં જમીનમાં રહેલાં અલભ્ય પોષકતત્વોને લભય સ્વરૂપમાં ફેરવી છોડને આપે છે.

● ટ્રાઈકોડમાંની માનવ સ્વાસ્થય ઉપર કોઇ આડ અસર થતી નથી.

● ટ્રાઈકોડમાં સામે રોગકારક ફૂગ પ્રતિકારક શક્તિ ઉભી કરી શકતી નથી.

● ટ્રાઈકોડમાં આપવાથી ફળ પાકોના ઉત્પાદન અને સ્વાદમાં વૃધ્ધિ થાય છે.

● ટ્રાઈકોડમાં જમીન રહેલા લાભકારક જીવાણુની સંખ્યામાં વધારો કરે છે

**ટીસ્યુકલ્ચરની અગત્યતા અને ખેતીમાં ફાયદાઓઃ**

● બિયારણની સ્ફુરણશકિત ઓછી હોય, બીજ ઉત્પન્ન થતુ ન હોય તેવા પાકો માટે ઝડપી વૃધ્ધિ માટે ખૂબજ ઉપયોગી

● લુપ્ત થતી ઔષધીય વનસ્પતિનુ સંરક્ષણ કરી શકાય છે.

● સૌથી અગત્યની બાબત એ છે કે પાકના છોડ/રોપાઓ વર્ષ દરમ્યાન ગમે ત્યારે મેળવી શકાય છે.

● ટીસ્યુકલ્ચરથી તૈયાર થયેલા રોપાના વાવેતરથી વધારે ઉત્પાદન મળે છે કારણકે આ રોપાઓ સંપૂર્ણ રોગમુકત હોવાથી તેની વૃધ્ધિ ખુબ જ સારી થતી હોય પાકમાં આશરે ૨૦ થી ૨૫ % જેટલુ વધારે ઉત્પાદન મળે છે.

● બાગાયતી પાકોમાં પસંદગીના છોડ / વૃક્ષનું ખૂબજ ઝડપી વર્ધન કરી મૂળ માતૃછોડ જેવા જ ગુણધર્મો ધરાવતા અસંખ્ય છોડ મોટા પાયે તૈયાર કરી રોપણી માટે આપી શકાય છે. દા.ત. કેળા, શેરડી

● બાગાયતી પાકોમાં પસંદગીના છોડ / વૃક્ષનું ખૂબજ ઝડપી વર્ધન કરી મૂળ માતૃછોડ જેવા જ ગુણધર્મો ધરાવતા અસંખ્ય છોડ મોટા પાયે તૈયાર કરી રોપણી માટે આપી શકાય છે. દા.ત. કેળા, શેરડી

● ટીસ્યુકલ્ચરથી તૈયાર થયેલા રોપાની કિંમત ઉંચી શા માટે હોય છે કારણકે પ્રયોગશાળાનો સ્થાપનનો ખર્ચ તેમજ તેની નિભાવણી ખર્ચ (શુધ્ધ પાણી, ઈલે.બીલ, કિંમતી રસાયણો, વૃધ્ધિ નિયંત્રકો વગેરે) ચીલા ચાલુ પધ્ધતિ કરતા વધુ હોવાને કારણે આ રોપાની કિંમત વધુ હોય છે. આ રોપા પ્રયોગશાળામાં નિયંત્રીત વાતાવરણમાં થાય છે.

● જનીન વિધા અને પાક સંવર્ધન વિભાગ દ્વારા ટીસ્યુકલ્ચર પધ્ધતિથી કેળાના રોપાનું ઉત્પાદન તેમજ વેચાણ કરવામા આવે છે.

● ટીસ્યુકલ્ચર પધ્ધતિથી ખેડૂતોને તંદુરસ્ત રોગમુકત અને વધુ ઉત્પાદન અને ઉંચી ગુણવત્તા ધરાવતી જાતોના રોપા મળે

● રોગ-જીવાત તેમજ અન્ય જૈવિક તેમજ બીન જૈવિક પરિબળો સામે ટકે તેવી જાતો વિકસાવી શકાય છે.

● વધુ પોષકતત્વો ધરાવતી જાતો જેવીકે, સ્વીટ કોર્ન (મકાઈ) અને વધુ વીટામીન ધરાવતી ગોલ્ડન રાઈસ (ચોખા) મેળવી શકાય છે.

● જીવરસક સંકરણ કરી દૈહિક સંકર છોડ મેળવી શકાય છે.

● વિવિધ પાકોમાં ભિન્નતા ઉત્પન્ન કરી સારા ગુણધર્મો ધરાવતી જાતો વિકસાવી શકાય છે.

● વધારે જનીનીક ભિન્નતા ધરાવતી જાતો વચ્ચેના સંકરણ દરમ્યાન ભ્રુણનો વિકાસ કરી સંકર છોડ મેળવવા માટે ભ્રુણ કલ્ચરનો ઉપયોગ કરી શકાય છે.

પાકમાં રાસાયણિક ખાતરનો જથ્થો નીચેની બાબતો ઉપર આધાર રાખે છે. ● ૧) સામાન્ય રીતે ટુંકા ગાળે પાકતાં પાકો માટે ખાતરનો ઓછો જથ્થો જોઈએ, જયારે લાંબા ગાળે પાકતાં પાકો માટે ખાતરનો વધુ જથ્થો જોઈએ. દા.ત. ડાંગરની વહેલી, મધ્યમ મોડી અને મોડી પાકતી જાતો માટે અનુક્રમે ૮૦, ૧૦૦ અને ૧૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજનની ભલામણ કરવામાં આવે છે.

● પાક અને તેની જાતઃ પોષક તત્વોની જરૂરિયાતનો મોટો આધાર પાક અને તેની જાત ઉપર રહે છે. કઠોળ વર્ગના પાકોમાં નાઈટ્રોજનની જરૂરિયાત ઓછી અને ફોસ્ફરસની જરૂરિયાત વધુ હોય છે. જયારે ધાન્ય વર્ગના પાકોમાં નાઈટ્રોનની જરૂરિયાત વધુ હોય છે. લાંબા ગાળાના અખતરીઓના પરિણામો ઉપરથી એ સ્પષ્ટ થયું છે કે કપાસમાં ફોસ્ફરસની જરૂરિયાત અન્ય પોષક તત્વો અને પાકોની તુલનાએ ઘણી ઓછી છે. આવુ જાત બાબતમાં પણ છે. કપાસની સંકર જાતોની નાઈટ્રોજનની જરૂરિયાત દેશી જાતો કરતાં ઘણી વધારે છે. જયારે બી.ટી. જાતોની નાઈટ્રોજનની માંગ સંકર જાતો કરતાં પણ વધારે છે. તેજ રીતે મકાઈની સંકર જાતો માટે ૧૦૦ કિ.ગ્રા. નાઈટ્રોજનની છે. જયારે સ્થાનિક જાતો માટે ૬૦ કિ.ગ્રા. નાઈટ્રો`જન પૂરતો છે. ● ૨) જમીનમાં લભ્ય પોષકતત્વોનું પ્રમાણઃ જમીનમાં રાસાયણિક પૃથ્થકરણના આધારે જમીનમાં લભ્ય પોષક તત્વોનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય છે. જે તે જમીનમાં પોષક તત્વોની લભ્યતા ઓછી, મધ્યમ કે વધારે નકકી કર્યા બાદ જ ખૂટતાં પોષક તત્વોનો જથ્થો અનુકૂળ સ્ત્રોતથી આપવાનો થાય. જમીનમાં પોષક તત્વોની લભ્યતા જમીનમાં ભેજનું પ્રમાણ, જમીનનો અમ્લતા આંક અને જમીનમાં ક્ષારનું પ્રમાણ પર આધારીત છે.

● ૩) આગલા-પાછલા/આંતરપાકની પસંદગીઃ જો આગલા કે આંતરપાક તરીકે કઠોળ વર્ગના પાકની પસંદગી કરી હોય તો નાઈટ્રોજનયુકત ખાતરો ઓછા પ્રમાણમાં જોઈશે, પરંતુ અગાઉ જુવાર, મકાઈ કે ઘાસચારા જેવા પાકની પસંદગી કરેલ હોય તો તે પછીના પાકમાં ખાતરનું પ્રમાણ વધારે રાખવું પડે.

● ૪) પોષકતત્વોના પ્રકારઃ સામાન્ય રીતે મુખ્ય પોષક તત્વોનો જથ્થો વધારે અને સુક્ષ્મ તત્વોનો જથ્થો ઘણો ઓછો હોય છે. જમીન ચકાસણી અહેવાલના આધારે ખુટતાં પોષક તત્વો આપવા જોઈએ.

# દરિયાઈ શેવાળ કૃષિ પાકો માટે વૃધ્ધિવર્ધક

કૃષિ ક્ષેત્રે દરિયાઈ શેવાળ એક અત્યંત અસરકારક જૈવિક ખાતર અને વૃધ્ધિવર્ધક તરીકે વપરાય છે, જે પાકની ગુણવત્તા અને ઉત્પાદનમાં ૨-૩ ગણો વધારો કરી શકે છે તે પોષકતત્વો, ખનિજો અને એમિનો એસિડથી ભરપૂર હોવાથી જમીનની ફળદ્રુપતા વધારે છે અને પાકને રોગપ્રતિકારક શક્તિ આપે છે.

ટકાઉ ખેતીમાં દરિયાઈ શેવાળ કેવી રીતે ઉપયોગી છે ?

ટકાઉ ખેતીમાં દરિયાઈ શેવાળ એક અત્યંત પોષક અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ વિકલ્પ છે, જેનો ઉપયોગ મુખ્યત્વે જૈવિક ખાતર, છોડના વિકાસ માટે વૃધ્ધિવર્ધક અને જમીનની ફળદ્રુપતા વધારવા માટે થાય છે. દરિયાઈ શેવાળની ખેતી માટે યોગ્ય દરિયાકાંઠાનો વિસ્તાર, ખારું પાણી, સૂર્યપ્રકાશ અને પોષકતત્વોની જરૂર પડે છે. તે વિટામિન્સ, ખનિજો, અને ૫૪ થી વધુ ટ્રેસ એલિમેન્ટ્સથી ભરપૂર છે, જે પાકને ઝડપી વૃધ્ધિ અને રોગપ્રતિકારક શક્તિ આપે છે

દરિયાઈ શેવાળની ખેતી માટે મુખ્ય જરૂરિયાતોઃ

● યોગ્ય સ્થાનઃ દરિયાકાંઠાનો એવો વિસ્તાર જ્યાં પાણીની ઊંડાઈ અને પ્રવાહ યોગ્ય હોય.

● પાણીની ગુણવત્તાઃ સાફ, પોષકતત્વોથી ભરપૂર ખારું પાણી અને યોગ્ય ખારાશનું સ્તર.

● સૂર્યપ્રકાશઃ પ્રકાશસંશ્લેષણ માટે પૂરતો સૂર્યપ્રકાશ જરૂરી છે.

● ખેતી પધ્ધતિઃ દરીયાઈ શેવાળના ઉછેર માટે દોરી કે જાળી જેવી પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

કૃષિમાં દરિયાઈ શેવાળના મુખ્ય ઉપયોગોઃ

● જૈવિક પ્રવાહી ખાતરઃ દરિયાઈ શેવાળમાંથી બનાવેલ પ્રવાહી ખાતરનો પાન, શાકભાજી, અને ફળના છોડ પર છંટકાવ કરવાથી છોડનો ઝડપી વિકાસ થાય છે, ઉત્પાદન વધે છે અને ફળની ગુણવત્તા સુધરે છે.

● જમીનની ગુણવત્તામાં સુધારોઃ તે જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા વધારે છે, જમીનનું ધોવાણ ઘટાડે છે અને અળસિયાંની અવરજવરમાં વધારો કરે છે.

● પાક સંરક્ષણ અને પોષણઃ : શેવાળનો ઉપયોગ પાકના વિકાસ માટે 'સીવીડ એક્સટ્રેક્ટ' તરીકે થાય છે, જે ખેતીના પાકોને પોષણ આપે છે. તેમાં રહેલા એમિનો એસિડ છોડને સ્ટ્રેસ (દુષ્કાળ, અતિવૃષ્ટિ) સામે લડવાની શક્તિ આપે છે.

● પશુઆહારઃ શેવાળનો ઉપયોગ પશુઓના આહારમાં પણ થાય છે, જે પોષણયુક્ત હોય છે

● સસ્તી ખેતીઃ દરિયાઈ શેવાળની ખેતીમાં ખાતર કે જંતુનાશકોની જરૂર હોતી નથી, કારણ કે તે દરિયાઈ પાણીમાં કુદરતી રીતે ઉગે છે.

દરિયાઈ શેવાળ ટકાઉ ખેતીમાં ક્રાંતિકારી અને ભવિષ્યલક્ષી વિકલ્પ છે. તે જૈવિક ખાતર, જમીન સુધારક અને પશુ આહાર તરીકે અસાધારણ પરિણામો આપે છે, જે રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડે છે. તેમાં રહેલા પોષકતત્વો પાકનો ઝડપી વિકાસ કરે છે, ઉત્પાદનમાં વધારો કરે છે અને જમીનના આરોગ્યમાં સુધારો કરીને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપે છે. આ ખેતી દરિયાકાંઠાના સમુદાયો માટે રોજગારીની તકો ઉભી કરે છે આમ, દરિયાઈ શેવાળની ખેતી એ માત્ર આર્થિક રીતે જ નહીં, પણ પર્યાવરણીય દ્રષ્ટિએ પણ ટકાઉ વિકાસનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે.

ડો. આર. કે. કલારિયા
અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી
ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી,
સુરત-૩૯૫ ૦૦૭



# રાજ્યસભા ચૂંટણી બાદ મોદી મંત્રીમંડળમાં ફેરફારની અટકળો, પંજાબને મળી શકે બે નવા મંત્રી

ચંદીગઢ,તા.૭

રાજ્યસભા ચૂંટણી પૂર્ણ થયા બાદ અને સંસદના ચોમાસા સત્ર પહેલાં કેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં ફેરફાર થવાની ચર્ચાઓ તેજ બની છે. રાજકીય વર્તુળોમાં એવી અટકળો ચાલી રહી છે કે પંજાબમાંથી બે નવા ચહેરાઓને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે.



ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુઘનું નામ મંત્રીપદ માટે ચર્ચામાં છે. તેઓ રાજ્યસભા માટે ઉમેદવાર પણ બનાવાયા છે અને પક્ષના મહત્વના રણનીતિકાર તરીકે ઓળખાય છે. ઉપરાંત, આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયેલા રાઘવ ચઢ્ઢાના નામની પણ ચર્ચા થઈ રહી છે.

હાલ પંજાબમાંથી માત્ર રવનીત સિંહ બિટ્ટુ કેન્દ્રીય મંત્રીમંડળમાં છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પંજાબ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ રાજ્યમાં સંગઠન અને રાજકીય સમીકરણો મજબૂત કરવા માટે મંત્રીમંડળમાં નોંધપાત્ર ફેરફારો કરી શકે છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# રાજ્યસભા ચૂંટણી પહેલાં ભાજપે ધારાસભ્યોને ગાંધીનગરમાં હાજર રહેવા આપી સૂચના

અમદાવાદ,તા.૭

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીને લઈને ભાજપે પોતાના તમામ ધારાસભ્યોને ૭ અને ૮ જૂન દરમિયાન ગાંધીનગરમાં ફરજિયાત હાજર રહેવા સૂચના આપી છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ ગેરહાજરી કે ગેરસમજ ન સર્જાય તે માટે પક્ષે વિશેષ આયોજન કર્યું છે. ભાજપના રાજ્યસભાના ચારેય ઉમેદવારો પણ હાલમાં ગાંધીનગરમાં હાજર



રહી ચૂંટણી સંબંધિત બેઠકોમાં ભાગ લઈ રહ્યા છે. સોમવારે સવારે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ભાજપ ધારાસભ્યોની મહત્વપૂર્ણ બેઠક યોજાશે. બેઠકમાં મતદાન પ્રક્રિયા, મતની માન્યતા જળવાઈ રહે તે માટેની તકેદારી તેમજ પક્ષની ચૂંટણી વ્યૂહરચના અંગે માર્ગદર્શન આપવામાં આવશે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે કોંગ્રેસ અંતિમ ક્ષણે ઉમેદવાર મેદાનમાં ઉતારી શકે છે. આ સંભાવનાને ધ્યાનમાં રાખીને ભાજપ પોતાના ધારાસભ્યોને દરેક પરિસ્થિતિ માટે તૈયાર રાખવા માંગે છે. રાજ્યસભાની ચૂંટણીને રાજકીય રીતે મહત્વપૂર્ણ માનતા પક્ષે એકતા અને સંકલન જાળવવા ખાસ ભાર મૂક્યો છે. આગામી દિવસોમાં ગાંધીનગરમાં રાજકીય ગતિવિધિઓ વધુ તેજ બનવાની શક્યતા છે.

# સુરતમાં માવો ખાવા બાબતે બે મિત્રોની ઘાતકી હત્યા કરાઈ

સુરત,તા.૦૭

શહેરના સિંગણપોર વિસ્તારમાં મોડી રાત્રે માવો ખાવા માટે પાનનો ગલ્લો ખોલાવવાની સામાન્ય બાબતે થયેલો ઝઘડો લોહિયાળ ખેલમાં પરિણમ્યો હતો. હર્ષલ પાટીલ અને ભટ્ટુ માળી નામના બે મિત્રો ગલ્લાના માલિક સાથે ઝઘડીને ચપ્પુઓ લઈને આવ્યા હતા. આ દરમિયાન ત્યાં કેરમ રમતા શખ્સોએ તેમની પાસેથી હથિયાર આંચકીને બંને પર ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા.



ટૂંકી સારવાર બાદ બંનેના મોત નીપજ્યા છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ચાર પૈકી બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીમાં નવું બસ સ્ટેશન દૈનિક ૧૦ હજારથી વધુ મુસાફરોની સફરનું કેન્દ્ર બન્યું

અમરેલી, તા.૦૭

અમરેલી સેવા અને સુશાસનના પરિણામે અમરેલી શહેરમાં નિર્માણ પામેલો અત્યાધુનિક બસપોર્ટ આજે જિલ્લાના વિકાસ અને પ્રગતિની નવી ઓળખ બની ગયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટિત આ પ્રોજેક્ટ આશરે રૂ. ૪૪.૫૧ કરોડના ખર્ચે ૧૭,૦૯૫ ચોરસ મીટરના વિશાળ પ્લોટ વિસ્તારમાં તૈયાર કરવામાં આવ્યો છે. આ અદ્યતન બસપોર્ટ સુવિધાઓની દૃષ્ટિએ સૌરાષ્ટ્રના ટોપ થ્રી ડેપોમાં સ્થાન ધરાવે છે.અહીં સમગ્ર રાજ્યમાંથી દૈનિક ૨૩૩ એક્સપ્રેસ અને ૩૮૪ લોકલ બસોની



અવરજવર થાય છે, જેનાથી દરરોજ સરેરાશ ૧૦,૬૯૦થી વધુ મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત પરિવહન સેવા મળી રહી છે. બસપોર્ટમાં વિશાળ પ્રતીક્ષાખંડ, પાર્કિંગ, ઠંડા પીવાના પાણીની વ્યવસ્થા, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ અને ટીવી પર બસ ટ્રેકિંગ જેવી આધુનિક સવલતો ઉપલબ્ધ છે. આ ઉપરાંત, અહીં વિકસેલી કોમર્શિયલ સ્પેસને કારણે રોજગારીની નવી તકો સર્જાઈ છે અને સ્થાનિક વેપાર-ધંધાને મોટો વેગ મળ્યો છે.

# રાજકોટમાં બાગેશ્વર ધામના દરબારમાં પહોંચે તે પહેલાં પુરુષોત્તમ પીપળીયાની અટકાયત

રાજકોટ,તા.૦૭

રેસકોર્સ ખાતે આયોજિત બાબા બાગેશ્વરની કથાના અંતિમ દિવસે વિવાદ યથાવત રહ્યો છે. ધીરેન્દ્ર શાસ્ત્રી પર અંધશ્રધ્ધા ફેલાવવાનો આક્ષેપ કરનાર આલોચક પુરુષોત્તમ પીપળીયા પ્રશ્નોની ચિઠ્ઠી લઈ દરબારમાં પહોંચે તે પહેલાં જ પોલીસે તેમની ઘર બહારથી અટકાયત કરી હતી. અટકાયત બાદ પીપળીયાએ તંત્રની બેવડી નીતિ પર રોષ ઠાલવતા જણાવ્યું કે, એક તરફ બાબા મને દરબારમાં આવવાનો પડકાર ફેંકે છે



અને બીજી તરફ તંત્ર દ્વારા રાજકીય દબાણ હેઠળ મને રોકવામાં આવી રહ્યો છે, જે બંધારણીય અધિકારોની વિરૂધ્ધ છે. બીજી તરફ બાબાએ આગામી સમયમાં ફરી રાજકોટ આવી બે વાર દરબાર લગાવવાની જાહેરાત કરી છે.

# વિશ્વ પર્યાવરણ દિવસે હણોલથી વૃક્ષારોપણ મહા અભિયાનનો પ્રારંભ

ભાવનગર, તા.૦૭

ભાવનગર જિલ્લાના હણોલ ગામે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રેરણા ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ મહા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. હણોલ ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૧૧ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું તેમજ ૨૧૦૦ વૃક્ષોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમમાં કેન્દ્રીય શ્રમ, રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, રાજ્યના ઊર્જા મંત્રી કૌશિક વેકરિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. પ્રેરણા ફાઉન્ડેશન દ્વારા સમગ્ર ભાવનગર જિલ્લામાં ૫૧ હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. ઉપસ્થિત મહાનુભાવોએ પર્યાવરણ બચાવવાના પ્રયાસોને બિરદાવતાં વધુમાં વધુ લોકોને આ અભિયાન સાથે જોડાવા અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ જાગૃતિનો વ્યાપક સંદેશ જનજન સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

# કેશોદના વોટરપાર્કમાં પાણીમાં ડૂબી જવાથી ૮ વર્ષના બાળકનું મોત

જૂનાગઢ, તા.૦૭

જૂનાગઢ જિલ્લાના કેશોદ નજીક આવેલા કિંગડમ વોટરપાર્કમાં પરિવાર સાથે મોજમસ્તી કરવા ગયેલા ૮ વર્ષના બાળકનું પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત થયું હતું. આ ઘટનાથી પરિવાર તેમજ સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, બાળક પરિવાર સાથે વોટરપાર્કમાં નાહવા



અને રમવા ગયો હતો. દરમિયાન તે પાણીમાં ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં વોટરપાર્કના કર્મચારીઓ અને પરિવારજનોએ તાત્કાલિક બાળકને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જોકે, તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

બાળકના મોત બાદ પરિવારજનોએ વોટરપાર્કની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઉઠાવ્યા છે. ઘટનાસ્થળે પૂરતી દેખરેખ, લાઈફગાર્ડની હાજરી અને સુરક્ષા નિયમોનું પાલન થયું હતું કે નહીં તે અંગે ચર્ચા શરૂ થઈ છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે અને સંચાલકો તેમજ સાક્ષીઓના નિવેદનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે.

# બાબરામાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સન્માન સમારોહ યોજાયો

બાબરા,તા.૦૭

બાબરાની લોહાણા મહાજન વાડી ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિવિધ સંસ્થાઓમાં ચૂંટાયેલા જ્ઞાતિના પ્રતિનિધિઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા બ્રહ્મ સમાજના આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તાજેતરમાં યોજાયેલી બાબરા નગરપાલિકાની ચૂંટણીમાં વિજયી બનેલા સભ્યો યજ્ઞેશ શુકલ, રમેશ તેરૈયા અને મયુરભાઈ રાવલ તેમજ



નાગરિક બેંકના ડિરેક્ટર તરીકે ચૂંટાયેલા બળવંતરાય ચાવ, ગૌરવ તેરૈયા અને અતુલભાઈ ત્રિવેદીનું સમાજ દ્વારા ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ જિલ્લા પ્રમુખ ઉદયનભાઈ ત્રિવેદી, જિલ્લા પ્રમુખ તુષારભાઈ જોષી,તેજસભાઈ ત્રિવેદી, ભગીરથભાઈ ત્રિવેદી, આનંદભાઈ ભટ્ટ, બાબરા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ હસુભાઈ જોષી, કાકુભાઈ ચાવ, નરૂદાદા ત્રિવેદી, પૂર્વ ફોરેસ્ટ ઓફિસર મહેશભાઈ ત્રિવેદી, પત્રકાર મનોજભાઈ કનૈયા,દિલીપભાઈ મહેતા (ચરખા), રાજકીય આગેવાન કૌશિકભાઈ ભરાડ, બાવકુભાઈ ત્રિવેદી, ગુણવંતભાઈ મંડીર, ડો. પ્રવિણભાઈ ત્રિવેદી, જગદીશ ભટ્ટજી, વિપુલ ત્રિવેદી, મૌલિક તેરૈયા, ધેલુભાઈ જોષી (ધરાઈ) સહિત શહેર અને તાલુકાભરના બ્રહ્મ સમાજના આગેવાનો તથા સમાજજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સન્માનિત પ્રતિનિધિઓએ સમાજ પ્રત્યે આભાર વ્યક્ત કરી સામાજિક હિત અને વિકાસ માટે કટિબધ્ધતા દર્શાવી હતી. કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ત્રિવેદીએ કર્યું હતું અને આભારવિધિ હસુભાઈ જોષીએ કરી હતી. આ સમારોહ સમાજમાં એકતા અને સંગઠનનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યો હતો.

# વિજપડી ગામમાં ગેરકાયદેસર બાંધકામ અને ધમકી અંગે પોલીસમાં રજૂઆત

વિજપડી,તા.૦૭

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે ગેરકાયદેસર બાંધકામ અને વેપારીને ધમકાવવાનો મામલો સામે આવ્યો છે.

વિજપડી મુકામે બસ સ્ટેન્ડ વિસ્તારમાં દુકાન ધરાવતા અને પત્રકારત્વના વ્યવસાય સાથે સંકળાયેલા ફરિયાદી દાદુભાઈ પીરભાઈ બેલીમે પી.આઈ. સાવરકુંડલા સમક્ષ આ અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી મુકેશભાઈ જેઠાભાઈ શિંગાળા દ્વારા ગ્રામ પંચાયતની માલિકીની જમીન પર કોઈ પણ પ્રકારની લેખિત કે મૌખિક પરવાનગી વિના ગેરકાયદેસર રીતે ૧૩ દુકાનોનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. આ અંગે સાવરકુંડલા કોર્ટમાં દાવો પણ પેન્ડિંગ છે. ફરિયાદીનો આરોપ છે કે આરોપી પોતાની દાદાગીરી અને બળજબરીથી દુકાન ખાલી કરાવવા માટે ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકીઓ આપી રહ્યા છે. આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવા માટે એસ.પી. અને ડી.વાય. એસ.પી.નકલ રવાના કરવામાં આવી છે.

# અમરેલીમાં મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા બે સગા ભાઈઓ 'પાસા' હેઠળ જેલભેગા

અમરેલી,તા.૦૭

અમરેલી પોલીસ દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા ઈસમો વિરુધ્ધ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે અમરેલી એલ.સી.બી. દ્વારા જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા બે ઈસમો વિરુધ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ





ભારદ્વાજે આ દરખાસ્ત મંજૂર રાખતા બંને ગુનેગારોને પાસા વોરંટ બજવી અલગ-અલગ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

પકડાયેલા ઈસમોમાં અમરેલીના જેસીંગપરામાં રહેતા હમીર ઉર્ફે સમીર ધનાભાઈ પરમાર (ઉં.વ. ૨૩)ને પાલનપુર જિલ્લા જેલ અને સંજય ધનાભાઈ પરમાર (ઉં.વ. ૨૭)ને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. એલ.સી.બી. ટીમના મહિલા હેડ કોન્સ્ટેબલ દયાબેન જસાણી અને પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઈ સીસારાએ આ સફળ કામગીરી પાર પાડી હતી.

# કોડીનાર પોલીસે 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ ગુમ થયેલી મોટરસાયકલ પરત સોંપી

ગીર સોમનાથ,તા.૦૭

ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર પોલીસ 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત અરજદારની ગુમ થયેલી મોટરસાયકલ શોધી કાઢી મૂળ માલિકને પરત સોંપીને પ્રશંસનીય કામગીરી કરી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ, જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ આવી ફરિયાદો પર સતર્કતાથી કામ કરી રહી છે. આ અંતર્ગત ઉના વિભાગના



નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરીની રાહબરી હેઠળ કોડીનાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.વી. હરિયાણીની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફે તપાસ હાથ ધરી હતી. પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમી અને સીસીટીવી (CCTV) ફૂટેજના આધારે પોલીસે કોડીનાર બસ સ્ટેશન પાસેથી રૂ.૨૫,૦૦૦/-ની કિંમતની હોન્ડા કંપનીની સીડી-૧૧૦ મોટરસાયકલ (નંબર: **GJ-32-F-1927**) શોધી કાઢી હતી. પોલીસે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી વાહન તેના અસલી માલિકને પરત સોંપતા માલિકે પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

06-2026
માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાસ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
પ્રાથમિક, માધ્યમિક તથા
ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં
મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલમાં
૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ
ધોરણ : ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ : ૯ અને ૧૦ (ગુજરાતી માધ્યમ)



સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ
શું આપની દિકરીને 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' આટકોટ માં ધોરણ ૫ થી ૮ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણ B.A., B.Com, B.C.A., B.Ed., M.Ed., A.N.M. નર્સિંગ, G.N.M.નર્સિંગ, B.Sc. નર્સિંગ, P.B.B.Sc. નર્સિંગ, કે M.Sc. નર્સિંગ. મહિલા નિવાસી સંકુલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા ઇચ્છો છો ? તો પાટીદાર ભવન, આટકોટ રોડ, જસદણ નો સંપર્ક કરો... વધુમાં વધુ રૂા.૨૦૦૦૦/- સુધીની વાર્ષિક સ્કોલરશીપ મેળવો.
મુળ સૌરાષ્ટ્રના પાટીદાર સમાજ કે જે ગુજરાતમાં કોઈપણ જગ્યાએ સ્થાયી થયેલ હોઇ વર્તમાન મહા ભયંકર મંદીમાં આપ પણ આર્થિક સંકડામણ ભોગવતા હોઇ આપનું સંતાન દિકરીની ઉચ્ચ કારકિર્દી બનાવવા 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' - આટકોટ ના મહિલા નિવાસી સંકુલ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા માંગતા હો તો અચૂક અમારો સંપર્ક કરવા વિનંતી...
સંપર્ક કરો...
પાટીદાર ભવન - જસદણ. આટકોટ રોડ, જસદણ
જી.રાજકોટ મો. ૯૭૨૫૧ ૩૮૭૯૯ / ૯૭૩૭૦ ૧૩૮૧૯
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ
મો. ૯૪૨૬૯ ૬૧૧૩૨ / ૯૯૨૪૩ ૨૪૧૬૩
શું આપની દિકરીને ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો-એજ્યુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ-૧, કલાસ-૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતં હોય.
એનો જવાબ છે કે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું" ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે
'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'

# સુરતમાં ટેન્ક ચેમ્બરમાં ઝેરી ગેસથી ૪ સફાઈ કર્મીઓના મોત

સુરત,તા.૦૭

સુરત શહેરમાં રવિવારે એક દુઃખદ ઘટના સામે આવી છે. ચોર્યાસી ડેરી નજીક ખાંડ બજાર વિસ્તારમાં આવેલા એક એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની અંડરગ્રાઉન્ડ ટેન્ક ચેમ્બરની સફાઈ દરમિયાન ઝેરી ગેસના કારણે ચાર સફાઈ કર્મીઓના મોત થયા હતા.




મળતી માહિતી મુજબ, સવારે ટેન્ક ચેમ્બર સાફ કરવા માટે ચાર શ્રમિકો અંદર ઉતર્યા હતા. દરમિયાન અંદર એકત્રિત થયેલા ઝેરી ગેસના કારણે તેઓ બેભાન થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઓક્સિજન કીટની મદદથી ચારેયને બહાર કાઢ્યા હતા.ગંભીર હાલતમાં તમામને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે.

# દક્ષિણ ગુજરાતમાં વહેલી સવારે ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

અમદાવાદ,તા.૭

દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લામાં રવિવારે વહેલી સવારે હળવા ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપવિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા મુજબ સવારે ૫ વાગ્યે ૧ મિનિટ અને ૩૧ સેકન્ડે નોંધાયેલા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉકાઈથી આશરે ૩૨ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશામાં જમીનની અંદર હતું.



રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૨.૭ નોંધાઈ હતી, જેના કારણે કેટલાક વિસ્તારોમાં લોકો ધરતી ધ્રુજતી હોવાનો અનુભવ કરી શક્યા હતા. વહેલી સવારે આવેલા આ આંચકાથી સ્થાનિકોમાં થોડા સમય માટે ચિંતાનો માહોલ સર્જાયો હતો. જોકે, ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી ક્યાંયથી જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના અહેવાલ મળ્યા નથી.

ભૂકંપ બાદ કેટલાક લોકો સાવચેતીના ભાગરૂપે ઘરની બહાર નીકળી આવ્યા હતા. તંત્રએ લોકોને ગભરાવાની જરૂર નથી, પરંતુ સાવચેત રહેવા અને અફવાઓથી દૂર રહેવાની અપીલ કરી છે.

# ઠાકોર સમાજને ન્યાય નહીં મળે તો ૨૦૨૭માં જવાબ મળશે: નવઘણજી ઠાકોર

અમદાવાદ,તા.૭

પાટણ ખાતે ઠાકોર સમાજ એકતા સમિતિના પ્રદેશ અધ્યક્ષ નવઘણજી ઠાકોરે રાજ્યસભાની ચૂંટણી પૂર્વે ઠાકોર સમાજના રાજકીય પ્રતિનિધિત્વ મુદ્દે ભાજપને ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતમાં મોટી વસ્તી ધરાવતા ઠાકોર સમાજની વારંવાર અવગણના કરવામાં આવે છે અને સંગઠન, નિમણૂકો તેમજ સરકારી તંત્રમાં સમાજને યોગ્ય સ્થાન મળતું નથી. નવઘણજી ઠાકોરે માંગ કરી હતી કે રાજ્યસભાની ઉમેદવારી સહિત વિવિધ ક્ષેત્રોમાં ઠાકોર સમાજને વસ્તીના પ્રમાણમાં ન્યાય આપવામાં આવે. તેમણે કહ્યું કે જો સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ નહીં મળે તો ૨૦૨૭ની ચૂંટણીમાં ઠાકોર સમાજ અન્ય સમાજોને સાથે લઈને લોકશાહી રીતે જડબાતોડ જવાબ આપશે. તેમના આ નિવેદનથી રાજ્યના રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.

# ભાવનગર ખાતે ત્રિપલ અકસ્માતમાં કાકા-ભત્રીજાના મોત, બે ઘાયલ



ભાવનગર,તા.૭

ભાવનગર શહેરના રિંગ રોડ પર ગત મોડી રાત્રે સર્જાયેલા ત્રિપલ અકસ્માતમાં એક જ પરિવારના બે સભ્યોના કરુણ મોત થયા હતા. પૂરપાટ ઝડપે આવી રહેલી કારના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક લગભગ ૧૦૦ મીટર સુધી ફંગોળાઈ ગઈ હતી. ત્યારબાદ બેકાબૂ બનેલી કાર આગળ જઈ રહેલા ટ્રકના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી.

અકસ્માતમાં બાઈક પર સવાર કાકા-ભત્રીજા રાકેશભાઈ મનસુખભાઈ બારૈયા અને બેચરભાઈ ખાટાભાઈ બારૈયાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે કારમાં સવાર બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
STAR TATA AIG Medi Assist SBI general care RELIANCE BAJAJ Allianz
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ



ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા
માટે YouTube ચેનલમાં TIGER BORWELL
સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઇંચ થી ૪।।। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર બોરવેલ
પિયુષભાઈ પટેલ મો. ૯૮૨૫૨ ૧૨૬૭૪
કનુભાઈ સાંખટ મો. ૭૬૨૨૯ ૮૨૭૨૨